॥ શ્રી દ્વારકેશો જયતિ ॥
॥ શ્રીવાક્પતયે નમઃ ॥

પુષ્ટિ પરિચય શ્રેણી
પુષ્પ - ૪

મોક્ષ
પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણં

લેખક
પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Moksha - Pushtimargiya Drushtikon
by Prof. Rameshbhai V. Parikh

© શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર - ૧૯૯૮
દ્વિતીય આવૃત્તિ : જુલાઈ - ૨૦૦૫ ■ તૃતીય આવૃત્તિ : સપ્ટેમ્બર - ૨૦૧૩

: પ્રાપ્તિસ્થાન :
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
(રૂબરૂ અને પોસ્ટથી)
૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
મહેસાણા-૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
■
શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
(ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે,
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૫/-

મુદ્રક
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા.

મોક્ષ : પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ

એક બોધવાર્તા :

એક મેળામાં એક નાનું, અસહાય બાળક એની માતાથી છૂટું પડી ગયું. માતા ગભરાઈ ગઈ. બાળક માતાને ખોળતું ભટકે અને રડે. માતા બાળકને ખોળતી હાંફળી-ફાંફળી દોડાદોડી કરે અને બૂમો પાડે. એક દયાળુને દયા આવી. નમાયા બાળકને તેડી લીધો. બાળકને બોલતાં આવડતું ન હતું. તેની માતાને શોધવા પ્રયત્નો કર્યા, પણ માતા ન મળી. આખરે અનાથાશ્રમમાં મૂકી આવ્યા. અનાથાશ્રમમાં ઉછરતું બાળક વખત જતાં એની માતાને ભૂલી ગયું. પણ એની માતા જીવી ત્યાં સુધી એના બાળકને ચારેય દિશામાં શોધતી રહી, વલોપાત કરતી રહી અને ઝૂરતી રહી.

આપણને પણ દુનિયાના બહુ મોટા મેળામાં આવું જ થાય છે. ચકડોળ, રમકડાં અને મિઠાઈના મોહમાં બાળકે તેની માતાની આંગળી છોડી દીધી, તેમ આપણે દુનિયામાં દેખાતાં સુખના મોહમાં સર્વ સુખના પૂર્ણનિધિ એવા શ્રીઠાકોરજીની આંગળી છોડી દીધી. આપણે શ્રીઠાકોરજીને ભૂલી ગયા, કારણ કે શ્રીઠાકોરજીથી વિખૂટા પડે અગણિત-હજારો વર્ષો વીતી ગયાં. નમાયા અનાથ બાળક જેવા બની ગયા!

મોટા થતાં બાળકને માતા યાદ આવે. કોઈક કહે : ચાલ, તારી માતા મેળવી આપું. બાળક એની આંગળી પકડી રખડપટ્ટી કરે. માતા ન મળે. બીજાની આંગળી પકડે, ત્રીજાની, ચોથાની. પાંચમાની આંગળી પકડી શોધતો રહે, માતા ન મળે. આખરે માની લીધું કે મારે માતા છે જ નહિ.

તેને એક મહાન ગુરુ મળ્યા. એમણે કહ્યું : ‘દીકરા, તારી માતા તો છે, પરંતુ તેનો પત્તો બતાવનારા કોઈને તારી માતાનો સાચો પત્તો નથી, એટલે તારી મહેનત ફોગટ જાય છે. તારાં આટલાં વર્ષો તેથી જ ફોગટ ગયાં. તારી માતાને હું સારી રીતે જાણું છું. ક્યાં છે, તેની મને ખબર છે. ચાલ, મારી સાથે. તારી માતાને મેળવી દઉં.’

બાળક ગયો. માતા મળી. બાળકને ખાત્રી થઈ ગઈ કે ગુરુ વિના જ્ઞાન નહિ. ગુરુ વિના ગોવિંદ નહીં.

બાળકમાંથી યુવાન બનેલા એ મનુષ્યને એના ગુરુએ સમજાવ્યું કે: ‘ભાઈ, આપણું ભવસાગરમાં ભટકવું પણ આવું જ છે. આપણે સુખ માટે ભટકીએ છીએ, પરંતુ સુખ શું છે, અને ક્યાં છે, તેની તો આપણને ખબર નથી! સુખ મેળવી આપવાનો દાવો ઘણા સંત, મહંત, ગુરુઓ કરે છે. તેમની આંગળી પકડી ભટકીએ છીએ તો ય સાચું સુખ મળતું નથી. કારણ એક જ છે, જેમને પોતાને સુખ મળ્યું નથી, તે બીજાને ક્યાંથી મેળવી આપે?

ગુરુએ યુવાનને એક બીજી વાત કહી : ‘સાંભળ, એક ગુરુ એના શિષ્યને ભગવાન પાસે લઈ જવા નીકળ્યા. એક પછી એક પર્વત ઓળંગતા જાય. શિષ્યને ભગવાન દેખાય નહિ. થાકીને લોથપોથ થઈ ગયો. હામ ગુમાવી બેઠો. તેણે કંટાળીને કહ્યું : ‘બાપજી, મારે નથી જોઈતા ભગવાન.’ તેણે બે હાથ જોડી કહ્યું, ‘મારાથી આ બધું નહિ બને.’

સુખની શોધની મથામણ :

જગત એક વાત ભૂલી ગયું છે કે સાચું સુખ એટલે ભગવાન. અને ભગવાન એટલે સાચું સુખ. સુખના સાચા સાગર - ભગવાનની શોધમાં દુનિયાના જીવો હજારો વર્ષોથી ભટકે છે. જુદા જુદા ગુરુઓ અનેક રસ્તાઓ બતાવે છે. શોધનારના પગ રખડી-રખડી થાકી જાય છે, હૃદય હિંમત હારી જાય છે, બુદ્ધિ નિરાશ થાય છે, જિંદગી વેડફાઈ જાય છે.

દુનિયામાં કેટલાક વિચારકો મીઠી વાત કહી, મોહ ઉપજાવે છે. કોણીએ ગોળ ચોંટાડે છે. મોક્ષ મળે તો જ સાચું સુખ એમ કહે છે. મોક્ષનાં સ્વપ્નાં દેખાડે છે, પણ મોક્ષ ખરેખર શું છે, એ તેઓ બતાવી શકતા નથી. આકડે લટકતા મધની જેમ આપણે મોક્ષના સ્વપ્નામાં રાચતાં રહીએ છીએ.

જગતમાં ચોર્યાસી લાખ જીવસૃષ્ટિઓ છે, તેને ચોર્યાસીલાખ યોનિ કહેવામાં આવે છે, તેમાં એક સમાન તત્ત્વ છે. તે છે જીવાત્મા. અમીબાથી માંડીને મનુષ્ય સુધીની બધી જ યોનિમાં જીવાત્મા છે. છતાં અન્ય જીવસૃષ્ટિ અને મનુષ્યસૃષ્ટિ વચ્ચે સૌથી મોટો એક ફરક પણ છે. મનુષ્યને પરમાત્મા તરફથી બુદ્ધિનું-વિચારનું, સારાસારના નિર્ણયનું, તર્કનું દાન મળ્યું છે. અન્ય જીવસૃષ્ટિ તેથી વંચિત છે. અન્ય જીવસૃષ્ટિ બુદ્ધિથી જીવતી નથી, સહજ વૃત્તિથી જીવે છે. ભૂખ લાગે તો ખાવું, ઊંઘ આવે તો સૂવું. અન્ય જીવસૃષ્ટિ પ્રકૃતિને વશ છે. મનુષ્યમાં પ્રકૃતિનું સંસ્કૃતિમાં ઉર્ધ્વીકરણ કરવાની ક્ષમતા છે. આથી ચોર્યાસી લાખ યોનિમાં મનુષ્ય શ્રેષ્ઠ છે.

મોક્ષ વિશે પ્રશ્નો :

આપણને મનુષ્યદેહ મળ્યો છે. શ્રીમહાપ્રભુજી જેવા ગુરુ મળ્યા છે. જીવનનું સર્વોચ્ચ સુખ મેળવવાની ઈચ્છા આપણા મનમાં રમે છે. ત્યારે તે કેવી રીતે મળે, એ જાણવા આપણે ચારે ય કોર પ્રયત્ન તો જરૂર કરીએ. જુદી જુદી વાતો સાંભળીએ. માતાને શોધવા નીકળનારા બાળકની જેમ થાકીએ. સાચા ગુરુ મળે તો પત્તો લાગે. શ્રીમહાપ્રભુજીથી વધારે સાચા ગુરુ જગતમાં થયા નથી. એ સંજોગોમાં આપણે શ્રીમહાપ્રભુજીના જ શરણે જઈએ. ‘વસ્તુતઃ કૃષ્ણ એવ’ એવા શ્રીમહાપ્રભુજી પાસેથી મોક્ષ વિષે જાણીએ. શ્રીમહાપ્રભુજી સામે આપણે પ્રશ્ન મૂકીએ કે શું મોક્ષ એ જ સાચું સુખ છે? શું મોક્ષ કરતાં કોઈ વધારે સાચું સુખ છે? મોક્ષ એટલે ખરેખર શું છે? મોક્ષ એક પ્રકારનો છે કે વધુ પ્રકારનો? અમારા માટે કયો મોક્ષ હિતાવહ અને સુખકર છે?

સાચા ગુરુમાં સત્યની સમજ તો હોય જ, પણ સાથે મુમુક્ષુના પ્રશ્નોના જવાબ આપવાની ક્ષમતા-ધીરજ પણ હોય. શ્રીમહાપ્રભુજી ધીરજથી આપણા બધા પ્રશ્નોના જવાબ આપે છે.

મનુષ્યની મહેચ્છા :

બુદ્ધિશાળી મનુષ્યની સામે જીવન એટલે કેવળ આહાર, નિદ્રા, ભય અને મૈથુનની પ્રવૃત્તિઓ જ નથી. જીવન એથી વધુ કંઈક ઉન્નત પ્રવૃત્તિ માટે છે. તેનું લક્ષ્યાંક કેવળ પેટ ભરવાનું નથી. તેના અંતિમ હેતુ કંઈક નિરાળા છે. મનુષ્યની સર્વ વૃત્તિઓ અને પ્રવૃત્તિઓના કેન્દ્રબિંદુમાં જીવન જીવનાના મુખ્ય ત્રણ હેતુઓ રહેલા છે. (૧) જીવનમાં આવતાં બધાં દુઃખ દૂર થાય, મનુષ્ય દુઃખમુક્ત બને (૨) જગતમાં મળી શકતાં સર્વ સુખ પ્રાપ્ત થાય, મનુષ્ય સુખી બને. (૩) મૃત્યુ પછી પરલોકમાં પણ તે સર્વ દુઃખમાંથી મુક્ત રહી, સર્વ સુખ ભોગવે.

આ સાંભળતાં - વાંચતાં આપણને એક પ્રશ્ન થાય : દુઃખમાંથી મુક્તિ એ જ સુખ, નહિ?

જવાબ છે ના. ખૂબ જ ભુખ્યો માણસ ભૂખના અસહ્ય દુઃખથી પીડાતો હોય. તેને અઠવાડિયાનો વાસી-સૂકો રોટલો મળે તો તે ખાઈ જશે. પરિણામે તેનું ભૂખનું દુઃખ મટશે. તેને પૂછવામાં આવે કે ભોજનનું સુખ મળ્યું? તે કહેશે ના. શિયાળામાં શુદ્ધ ઘીમાં ઝબોળેલી ગરમાગરમ પુરણપોળી (વેઢમી) મળે તો ભોજનનું સુખ મળ્યું કહેવાય.

આથી નક્કી થાય છે કે દુઃખમાંથી મુક્ત થવું તે એક વાત છે, સુખ માણવું એ બીજી વાત છે. તેથી જ મનુષ્ય આલોક અને પરલોકમાં બંને ઈચ્છે છે. દુઃખમાંથી મુક્તિ અને સુખની પ્રાપ્તિ.

મહેચ્છાપૂર્તિના અભિગમ :

મનુષ્યની આ બંને મહેચ્છાઓ પૂરી કરવા માટેના અનેક અભિગમો જગતમાં પ્રસિદ્ધ છે. તેમાંથી બે મુખ્ય છે. (૧) ભારતીય સંસ્કૃતિનો ત્યાગનો અભિગમ (૨) પાશ્ચાત્ય સંસ્કૃતિનો ભોગનો અભિગમ.

સનાતન વૈદિક ધર્મના ઈશાવાસ્ય ઉપનિષદે ત્યાગનો અભિગમ બતાવ્યો- 'તેન ત્યક્તેન ભુંજિથાઃ' અર્થાત ત્યાગીને ભોગવો. પ્રાચીન સમયમાં એક બીજા વિચારક ચાર્વાક થયા. તેઓ પણ ભારતીય સંસ્કૃતિની જ ઉપજ હતા. છતાં તેમણે ઈશાવાસ્ય ઉપનિષદથી તદ્દન વિરુદ્ધનો અભિગમ આપ્યો - 'ૠણમ્ કૃત્વા ઘૃતમ્ પીબેત્, યાવત્ જીવં સુખં જીવેત્' અર્થાત્, દેવું કરીને પણ ઘી પીઓ! જ્યાં સુધી જીવો ત્યાં સુધી સુખથી જીવો. ચાર્વાકનો અભિગમ ભોગનો અભિગમ છે.

ચાર્વાકના અભિગમને જ જાણે પશ્ચિમના જગતે સ્વીકાર્યો! તેઓ માનવા લાગ્યા કે ખાઓ, પીઓ અને મોજ કરો! આ બંને વિરુદ્ધ છેડાની વિચારસરણીવાળી સંસ્કૃતિઓની પ્રજા સૈકાઓથી પોતપોતાના અભિગમ પ્રમાણે જીવતી રહી છે. પરંતુ વર્તમાન સમયમાં ભોગપ્રધાન અભિગમથી વિફળતા અનુભવતું પશ્ચિમનું જગત હવે ભારતીય સંસ્કૃતિનો ત્યાગનો અભિગમ અપનાવવા કટિબદ્ધ બન્યું છે. ભારતીય પ્રજા અર્વાચીન સમયમાં વારસામાં મળેલો ત્યાગનો અભિગમ છોડી, ભોગના અભિગમ તરફ વળી રહી છે!

ભારતીય સંસ્કૃતિનો ત્યાગનો અભિગમ ધર્મમાર્ગ છે, પાશ્ચાત્ય સંસ્કૃતિનો ભોગનો અભિગમ મોહમાર્ગ-અનીતિ અને અધર્મનો માર્ગ છે. ધર્મમાર્ગ માણસને સનામત શાન્તિ આપે છે, મોહમાર્ગ તાત્કાલિક શાન્તિ અને સનાતન અશાન્તિ આપે છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આપણે ભારતીય છીએ. સનાતન વૈદિકધર્મના અનુયાયી છીએ. વધુમાં, વૈષ્ણવ પણ છીએ. આપણા લોહીના વારસામાં અને જીવાતા વાતાવરણમાં સનાતન વૈદિક ધર્મ સાથે પુષ્ટિધર્મ છે. જીવન જીવવા માટે ધર્મચીંધ્યો માર્ગ છે. એ ધર્મચીંધ્યા માર્ગે દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ સરળ, સુગમ, સહજ અને શક્ય છે. આવો આપણે ધર્મનો અભિગમ સમજીએ.

ધર્મનો અભિગમ :

સનાતન વૈદિકધર્મ કહે છે : 'ચરાતિ ચરતો ભગઃ' જે ચરે છે, તે પામે છે. આપણો સનાતન ધર્મ નિવૃત્તિનો ઉપદેશક નથી, પ્રવૃત્તિનો ઉપદેશક છે. તે સમજાવે છે કે માણસે દુઃખનિવૃત્તિ અને સુખપ્રાપ્તિ માટે પ્રારબ્ધના નસીબના ભરોંસે, માથે હાથ દઈ બેસી રહેવાનું નથી, પ્રભુએ તેને આપેલી શક્તિ અને બુદ્ધિથી તે માટે તેણે મથવાનું છે, ઝઝૂમવાનું છે, મહેનત કરવાની છે. આ મથામણનું બીજું નામ પુરુષાર્થ. પુરુષાર્થથી દુઃખ નિવૃત્ત થાય અને સાચું સુખ મળે. આલોક અને પરલોક બંનેનું સાચું સુખ પુરુષાર્થથી જ મળે.

પુરુષાર્થની સંકલ્પના :

'પુરુષાર્થ' શબ્દ બે શબ્દોનો બનેલો છે. પુરુષ+અર્થ. વેદમાં પુરુષ શબ્દ પરમાત્મા અને જીવાત્મા બંને માટે વપરાયો છે. અર્થ એટલે સંપત્તિ. જે કંઈ મેળવવાની ઈચ્છા છે તે. જીવાત્મા જે મેળવવા ચાહે તેનું નામ અર્થ. જીવાત્મા ધર્મમાર્ગે પ્રવૃત્તિ દ્વારા લૌકિક અને અલૌકિક સંપત્તિ પ્રાપ્ત કરે તે તેનો પુરુષાર્થ. આથી પુરુષાર્થ એટલે પુરુષે-મનુષ્યે મેળવવા પાત્ર અર્થ (સંપત્તિ).

'પુરુષ' શબ્દ પરમાત્માના અર્થમાં લઈએ તો પરમાત્મારૂપી અર્થ એટલે પુરુષાર્થ. સર્વ સંપત્તિમાં પરમાત્મારૂપી સંપત્તિ સાચી, સનાતન અને સાચું સુખ આપનારી છે. જેમને પરમાત્મારૂપી અર્થની પ્રાપ્તિ થઈ, તેને આલોક અને

પરલોકનાં સર્વ સુખ મળ્યાં એમ કહેવાય. પરમાત્મારૂપી અર્થની પ્રાપ્તિ માટેના પ્રયત્નોનું બીજું નામ પુરુષાર્થ.

શાસ્ત્રોએ સુખ માટે સંપત્તિને આવશ્યક ગણાવી. સંપત્તિના મુખ્ય બે પ્રકાર પણ ગણાવ્યા. (૧) લૌકિક સંપત્તિ (૨) અલૌકિક સંપત્તિ. લૌકિક સંપત્તિમાં ધન, આભૂષણો, કિંમતી ધાતુઓ, રત્નો, વાડી-વજીફા, બંગલા, મહેલો, વાહનો વગેરેનો સમાવેશ થાય. આ બધી સંપત્તિ જડ છે. સુખી કુટુંબ, ઉમદા મિત્રો વગેરે જંગમ (ચેતન) સંપત્તિ છે. આ બધી સંપત્તિ લૌકિક છે. અર્થાત્ આ જગત પૂરતી છે. જગતમાંથી વિદાય લીધા પછી આ સંપત્તિ સાથે આવતી નથી.

આ સંપત્તિનું એક બીજું લક્ષણ પણ જાણવા જેવું છે. તે ઘણા પરિશ્રમ બાદ કદાચ મળે! મેળવવામાં બહુ કષ્ટ પડે. મેળવ્યા પછી સાચવવામાં પણ એટલું જ કષ્ટ નડે. તેનો ઉપભોગ કરતાં અને કર્યા પછી પણ દુઃખ જ મળે. આ સંપત્તિ નાશવંત છે, અનર્થકારી છે, દુઃખદ પણ છે. એટલે શાસ્ત્રોએ આ સંપત્તિનો મહિમા ગાયો નથી.

આ સંપત્તિ મેળવવાના પ્રયત્નો તે લૌકિક પુરુષાર્થ.

અલૌકિક સંપત્તિ એટલે ધર્મ અને પરમાત્મા. આ બંને સનાતન છે. તેથી તેમની પ્રાપ્તિનો માર્ગ અને સાધનો સુખદ છે. મેળવ્યા પછી સુખ છે. મેળવ્યા બાદ પણ તેનું ફળ સુખદ છે. આ સંપત્તિ એકવાર મળ્યા પછી ક્યારે ય નાશ પામતી નથી, પરંતુ સરળતાથી મળતી યે નથી. તે મેળવવાના પ્રયત્નો એટલે અલૌકિક પુરુષાર્થ.

શ્રેય અને પ્રેય :

શાસ્ત્રોમાં લૌકિક સંપત્તિથી મળતા સુખને 'પ્રેય' કહ્યું છે. અલૌકિક સંપત્તિથી મળતા સુખને 'શ્રેય' કહ્યું છે. જગતનું સુખ પ્રેય છે, પરમાત્મા અને ધર્મનું સુખ શ્રેય [illegible]લાઉ અને અંતે દુઃખદ હોય, શ્રેય સનાતન અને સુખદ હોય.

આપણાં શાસ્ત્રો સમજાવે છે કે પ્રેય અને શ્રેય બંને ધર્મથી-ધર્માચરણથી મળે. કર્મનો સિદ્ધાંત પણ એમ જ કહે છે. જેમણે પૂર્વજન્મમાં પુણ્યકર્મો કર્યાં છે, તેમને આ જન્મમાં પ્રેય-સુખ મળે છે. જેમણે પૂર્વજન્મમાં પાપકર્મો કર્યાં છે, તેમને આ જન્મમાં દુઃખ મળે છે. ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણે સમજાવ્યું કે હજારો

વર્ષો સુધી જેમણે ભગવાનને જાણવા જ્ઞાનની સાધના કરી, તેમને તેના ફળ રૂપે ભગવાનની ભક્તિ મળે છે. ભક્તિ મળતાં તે મનુષ્ય સાચો સુખી બને છે.

ધર્મ અને અધર્મ જગતમાં રહેલા છે. જે ધર્મ આચરે તે દેવ, જે અધર્મ આચરે તે દાનવ. ધર્માચરણથી દુઃખ દૂર કરી, પ્રેય અને શ્રેય પામે તે દેવકોટિનો દૈવી જીવ. અધર્માચરણથી પ્રેય મેળવવા મથે તે દાનવ કોટિનો આસુરી જીવ.

શાસ્ત્રોએ બતાવેલ પુરુષાર્થનું સ્વરૂપ :

શાસ્ત્રોએ પ્રેય અને શ્રેય સિદ્ધ કરવા માટે ચાર પુરુષાર્થ બતાવ્યા. (૧) ધર્મ (૨) અર્થ (૩) કામ (૪) મોક્ષ. આ ચાર પૈકી અર્થ અને કામ પુરુષાર્થથી પ્રેય પ્રાપ્ત થાય, જ્યારે ધર્મ અને મોક્ષ પુરુષાર્થથી શ્રેય પ્રાપ્ત થાય.

શાસ્ત્રોએ સમજાવ્યું કે અર્થ અને કામ પુરુષાર્થ સિદ્ધ કરવા માટે પણ ધર્મ પુરુષાર્થનો ઉપયોગ કરવો જોઈએ. ભારતીય અને પાશ્ચાત્ય સંસ્કૃતિમાં આ જ મૂળભૂત તફાવત છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ માને છે કે અર્થ (સંપત્તિ) અને કામ (વિષયવાસના વિષયસુખોની ઈચ્છાઓ) મેળવવા માટે આવશ્યક ઉપાયો કરવા. પાશ્ચાત્ય સંસ્કૃતિ તે માટે સાધનશુદ્ધિનો આગ્રહ સેવતી નથી. કોઈપણ પ્રકારે અર્થ અને કામ પ્રાપ્ત કરવા અને ભોગવવા, એટલો જ વિચાર પાશ્ચાત્ય સંસ્કૃતિમાં છે. તેથી પાશ્ચાત્ય સંસ્કૃતિમાં આ બંને પુરુષાર્થોને ધર્મ પુરુષાર્થ સાથે કોઈ સંબંધ કે લેવાદેવા નથી. આના પરિણામે પાશ્ચાત્ય સંસ્કૃતિમાં સંયમનો અભાવ છે, નિરંકુશતા અને સ્વચ્છંદતા વિશેષ છે. અર્થ અને કામ મેળવવા તથા ભોગવવા તેઓ ધર્મ કે નીતિની ઝાઝી પરવા કરતા નથી.

ભારતીય સંસ્કૃતિમાં અર્થ અને કામ પુરુષાર્થ પણ ધર્મ પુરુષાર્થ દ્વારા સિદ્ધ કરવાનો ઉપદેશ અને આગ્રહ છે. તેથી અર્થ અને કામ પુરુષાર્થ વિષે પણ ધર્મમાર્ગે ચાલનારા ઋષિમુનિઓએ ઘણું ચિંતન કર્યું છે અને તે વિષયનાં શાસ્ત્રો પણ રચ્યાં છે. તેથી ભારતીય સનાતન વૈદિક ધર્મમાં અર્થશાસ્ત્ર અને કામશાસ્ત્રનો પણ સમાવેશ છે.

ધર્મ દ્વારા અર્થ પ્રાપ્તિ :

શાસ્ત્રની દૃષ્ટિએ અર્થ અને કામ પુરુષાર્થોની પ્રાપ્તિ ધર્મસંમત માર્ગે જ થવી જોઈએ, નીતિશાસ્ત્ર મુજબ જ બંને પુરુષાર્થ સિદ્ધ કરવા પ્રયત્ન કરવો

જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, સાધનશુદ્ધિનો આગ્રહ અનિવાર્ય ગણ્યો છે. અધર્મ અને અનીતિને અશુદ્ધ સાધન કહ્યું છે. ધર્મ અને નીતિને શુદ્ધ સાધન કહ્યાં છે.

ધર્મના માર્ગે ધન કમાવવું જોઈએ. સંપત્તિ પ્રાપ્ત કરવી જોઈએ. કમાવેલું ધન ધર્મના માર્ગે જ ભોગવવું જોઈએ. કામનાઓ સંતોષવા માટે ધર્મના માર્ગે અર્થ મેળવાશે, તો તે મેળવવાનાં સાધનો પણ શુદ્ધ હશે. તેમાં છળકપટ, ચોરી, લૂંટફાટ, અનીતિ, હિંસા વગેરે અધર્મ અને અનીતિનાં સાધન નહિ હોય. પરિણામે મેળવેલું ધન પરસેવાનું, પ્રામાણિકતાનું, સાચી કમાઈનું હશે. કમાયેલા ધનમાંથી છઠ્ઠો કે દસમો ભાગ ધર્મમાં વપરાય તો તે ધન ધર્મશુદ્ધ અને પવિત્ર બને તેમ શાસ્ત્રો કહે છે. આવું ધન માણસને અનર્થ કરનારું બનતું નથી. જો અશુદ્ધ રીતે મેળવેલું ધન હોય તો તે જરૂર અનર્થકારી બને છે.

શ્રીમહાપ્રભુજીએ તો આથી પણ એક ડગલું આગળ બતાવ્યું. ધર્મમાર્ગથી વૈષ્ણવે ધન પ્રાપ્ત કરવું. તે માટે જરૂરી વ્યાવૃત્તિ એટલે વેપાર, નોકરી કે ખેતી કરવાં. મેળવેલ ધન શ્રીઠાકોરજીને સમર્પિત છે, એટલે તે ધનનો વિનિયોગ શ્રીઠાકોરજીની સેવામાં કરવો. પરિણામે તે ધન દ્વારા ખરીદેલ પદાર્થો શ્રીઠાકોરજીને અંગીકાર થતાં તે પદાર્થો નિર્દોષ અને દિવ્ય બને છે. તે પ્રસાદ-સ્વરૂપ બને છે. પ્રસાદ ભગવદ્સ્વરૂપ છે. ભગવદ્સ્વરૂપના સ્પર્શે માણસ દિવ્ય બને, તેમ પ્રસાદથી માણસનાં બાહ્ય અને આંતર શરીર પવિત્ર બને છે. માટે કમાયેલા ધનનો છઠ્ઠો કે દસમો ભાગ જ નહિ, કમાયેલું સર્વ ધન પહેલાં શ્રીઠાકોરજીની સેવામાં અંગીકાર કરાવવું અને પછી જીવન માટે તેનો ઉપયોગ કરવો.

ધર્મ દ્વારા કામપૂર્તિ :

જેમ ધર્મના માર્ગે અર્થપ્રાપ્તિ બતાવી, તેમ ધર્મના માર્ગે વિષયવાસનાઓની-કામેચ્છાઓની પૂર્તિ કરવાનું બતાવવામાં આવ્યું. તેના પરિણામે જીવનમાં સંયમ અને સંતોષ આવે છે. ધર્મના માર્ગે કામ પુરુષાર્થ સિદ્ધ થતાં સ્વચ્છંદતા અને ઉચ્છુંખલતાથી બચાય છે. ધર્મનો અંકુશ કામ-ભોગ ઉપર હોવાથી ભોગનો અતિરેક રોકાય છે. ભોગનો અતિરેક રોગ આણે છે. એટલે ધર્મમાર્ગે કામવૃત્તિ સંતોષાતાં રોગથી બચાય છે. નિરામય દીર્ઘાયુ પ્રાપ્ત થાય છે. આપણાં શાસ્ત્રોએ જીવનને ચાર આશ્રમમાં વહેંચી નાખ્યું. તે પૈકીનો ગૃહસ્થાશ્રમ કામપૂર્તિ માટે છે. આ ગૃહસ્થાશ્રમ કામકેન્દ્રી બની ન જાય તે માટે શાસ્ત્રોએ મહિનાના અમુક દિવસો તેમજ પર્વ, ઉત્સવના દિવસો કામભોગ માટે વર્જ્ય કહ્યા. ધર્માચરણથી વ્રત, તપ, નિયમ પાળવાનો આદેશ આપ્યો. વ્રત, તપ, નિયમ કામવાસનાને અંકુશમાં રાખે છે. તેનો અતિરેક થવા દેતા નથી. આમ, ધર્મ માણસને પશુ થતો રોકે છે. ધર્મ માણસને સંયમી, સમતોલ, સ્વસ્થ બનાવે છે.

કામ પૂર્તિ અંગે શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર આજ્ઞા કરી. વૈષ્ણવ માટે શરીરની પાંચ ઇંદ્રિયોના પાંચ વિષય લૌકિક મટી અલૌકિક બનવા જોઇએ. આંખને જોવાનો વિષયરસ છે, તો તેનું ઉર્ધ્વીકરણ શ્રીઠાકોરજીનાં દર્શનથી કરવું. કાનને સાંભળવાનો રસ છે, તો કથાકીર્તન સાંભળવાં. નાકને સુંગધનો રસ છે, તો શ્રીઠાકોરજીનાં પ્રસાદી પુષ્પો અને તુલસીની સુગંધ લેવી. જીભને સ્વાદ અને વાણીનો રસ છે, તો શ્રીઠાકોરજીના પ્રસાદનો આસ્વાદ કરવો અને શ્રીઠાકોરજીનાં કથા-કીર્તન ગાવાં. હાથને સ્પર્શનો રસ છે, તો હાથથી શ્રીઠાકોરજીની સેવા કરવી. આમ, પાંચે ય ઇંદ્રિયોના વિષયરસોને ધર્મમાર્ગે લૌકિકમાંથી અલૌકિક બનાવી શકાય છે.

શ્રીમહાપ્રભુજીએ એક બીજી આજ્ઞા પણ કરી. શરીરની સર્વ ઇંદ્રિયોનો ઉપયોગ શ્રીઠાકોરજીના સુખ માટે કરવો, પોતાના સુખ માટે નહિ. શ્રીઠાકોરજીના સુખને પોતાનું સુખ ગણવું. આથી લગ્ન કામસુખ ભોગવવા માટે નહિ, પણ શ્રીઠાકોરજીની સેવામાં અનુકૂળ પડે તેવા સંતાનની પ્રાપ્તિ માટે કરવું. શ્રીમહાપ્રભુજીએ ત્યાં સુધી આજ્ઞા કરી કે જે ઇંદ્રિયનું જે કાર્ય કેવળ લૌકિક સુખના ઉપભોગ માટે હોય અને શ્રીઠાકોરજીનું તેમાં સુખ ન હોય તે સર્વ કાર્ય સમજપૂર્વક છોડી દેવાં.

કલિયુગમાં સૌથી મોટા દોષોમાં ધન અને કામ મુખ્ય છે. આ બંને દોષો જુગાર, ચોરી, અભક્ષ્ય ભોજન અને મદ્યપાન તથા વ્યભિચાર જેવા બીજા મહા દોષો જન્માવે છે. તેમનાથી માણસને કેવળ ધર્મ બચાવે છે.

ધર્મ દ્વારા શ્રેય પ્રાપ્તિ :

આમ, ધર્મ પુરુષાર્થ અર્થ અને કામ પુરુષાર્થ સિદ્ધ કરાવી, માણસને પ્રેય

આપે છે, સાથે-સાથે અધર્મ અને અનીતિથી બચાવી, પરલોક માટેનું શ્રેય પણ સિદ્ધ કરે છે.

શ્રેય સિદ્ધ કરવા માટે શાસ્ત્રોએ બે પુરુષાર્થ કહ્યા, ધર્મ અને મોક્ષ. ધર્મથી જેમ અર્થ અને કામ સિદ્ધ થાય, તેમ મોક્ષ પણ પ્રાપ્ત થઈ શકે. મોક્ષપ્રાપ્તિ માટે શાસ્ત્રોએ ધર્મના મુખ્ય ત્રણ માર્ગ બતાવ્યા : (૧) કર્મમાર્ગ (૨) જ્ઞાનમાર્ગ (૩) ભક્તિમાર્ગ. આ ત્રણ પૈકી અનુકૂળ આવે તેવા માર્ગે ચાલવાથી મોક્ષ સિદ્ધ થાય છે એમ શાસ્ત્રોએ કહ્યું. મોક્ષ એટલે પરલોકમાં દુઃખનિવૃત્તિ. મોક્ષ શ્રેય પુરુષાર્થ છે. મોક્ષ સિદ્ધ કરવામાં ધર્મમાર્ગે જે સાધનો કરવાં પડે તે સાધનો કરવા માટે અર્થ (સંપત્તિ)ની જરૂર પડે. એટલે ધર્મથી અર્થ પુરુષાર્થ સિદ્ધ થાય. અર્થ પુરુષાર્થથી વિશેષ ધર્મ પુરુષાર્થ સિદ્ધ થાય અને તે દ્વારા મોક્ષ પુરુષાર્થ પ્રાપ્ત થાય. આવો પ્રેય અને શ્રેયની પ્રાપ્તિનો માર્ગ પુરુષાર્થ સ્વરૂપે શાસ્ત્રકારોએ બતાવ્યો છે. ધર્મ પુરુષાર્થ માટે ધર્મશાસ્ત્રની રચના થઈ છે. અર્થ પુરુષાર્થ માટે અર્થશાસ્ત્રો, કામ પુરુષાર્થ માટે કામશાસ્ત્રો અને મોક્ષ પુરુષાર્થ માટે મોક્ષશાસ્ત્રોની રચના છે.

શ્રેય-પરલોકના સુખનો વિચાર :

માણસ સામાન્ય રીતે તેના જીવનની ચાલીસી વટાવે એટલે તેના માથામાં ચાંદી દેખાવી શરૂ થાય. તેના છૂટાછવાયા સફેદ વાળ તેને આવનાર મૃત્યુનો અણસાર કરાવે. જેટલીવાર તે અરીસામાં માથાના સફેદ વાળ જુએ, તેટલીવાર તેને ડોકિયું કરતું મૃત્યુ દેખાય. મૃત્યુના વિચારે તે વિચલિત થાય. આજ સુધી લૌકિક સુખોના નિજાનંદમાં મસ્ત રહેતો યુવાન પરલોકની અને મૃત્યુ પછીની ચિંતા કરતો થાય. ચાર દાયકામાં તેના દ્વારા થયેલાં સારાં-ખોટાં કર્મોનું સરવૈયું તેની નજર સામે આવે. તેથી તે ચિંતાતુર બને. તેણે સમાજમાંથી, ગ્રંથમાંથી અને ગુરુ જેવા સંતમહંતો પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ મૃત્યુ પછીના જીવન વિષે સાંભળેલું પણ હોય. તેના મગજમાં ગડ બેસી ગઈ હોય કે સારાં અને ખોટાં કર્મોનું ફળ મૃત્યુ પછી તેને ભોગવવું પડશે. પરલોકમાં દુઃખ ન આવે અને સુખ મળે તેવું તે ઈચ્છે. બાકી રહેલ જીવનમાં એ માટે પ્રયત્ન કરવા તત્પર થાય. અત્યાર સુધી ધર્માચરણ ન કરનાર આ યુવાનની વૃત્તિઓ બદલાય, તેની પ્રકૃતિ બદલાય, તે સાથે તેની પ્રવૃત્તિ પણ બદલાય. તે ધર્માચરણ તરફ વળે. કારણ, એને વિશ્વાસ છે કે ધર્મ જ પરલોક સુધારે છે અને શ્રેય સિદ્ધ કરે છે.

આપણાં શાસ્ત્રો બતાવે છે કે પરલોકમાં બે પ્રકારનાં દુઃખ અને બે પ્રકારનાં સુખ છે. દુઃખમાં એક નરકયાતનાનું દુઃખ અને બીજું જુદી જુદી યોનિઓમાં જન્મવાનું અને મરવાનું દુઃખ. પરલોકમાં મળતાં સુખ પણ બે પ્રકારનાં, પહેલું ટૂંકાગાળાનું સુખ, બીજું લાંબાગાળાનું સુખ. સ્વર્ગ, દેવલોક, સત્યલોક, પિતૃલોક, બ્રહ્મલોક વગેરે લોક પૈકી પુણ્યશાળી માણસને તેના પુણ્ય પ્રમાણે કોઈ એક લોકની પ્રાપ્તિ થાય. પુણ્યના પ્રમાણમાં ત્યાં સ્થિતિ થાય. તે ટૂંકા ગાળાનું સુખ છે. આ સુખને સમજવા માટે દુનિયાની કોઈ વૈભવશાળી થ્રી સ્ટાર કે ફાઈવ સ્ટાર હોટેલનું ઉદાહરણ બંધ બેસે. પૈસા હોય ત્યાં સુધી તે હોટેલનાં સુખ માણી શકાય, તેવું આ વિવિધ લોકનું સુખ છે. પુણ્ય હોય ત્યાં સુધી ભોગવો. પુણ્ય પૂરું થતાં ફરી મૃત્યુલોક - જગતમાં પાછા ફરો. 'ક્ષીણે પુણ્યે મૃત્યુલોકે પતંતિ.' આથી સ્વર્ગમાં રહેતા દેવો તથા તેમના રાજા ઈંદ્ર પણ સ્વર્ગમાં તેમનું સ્થાન ટકાવી રાખવા સદા ચિંતિત રહે છે.

લાંબા ગાળાનું પરલોકનું સુખ તે મોક્ષ. જો કે, સાચા અર્થમાં મોક્ષ જન્મ-મરણના ફેરાઓના દુઃખના ચક્રમાંથી માત્ર મુક્તિ જ છે, તેમાં સુખનો કોઈ જ અનુભવ નથી. મોક્ષનો અર્થ છે મુક્તિ. જે જન્મમરણનાં દુઃખોમાંથી મુક્તિ અપાવે તે મોક્ષ.

મોક્ષનું શાસ્ત્રોએ બતાવેલ સ્વરૂપ :

શાસ્ત્રોએ જીવાત્માઓની ઉત્પત્તિ અને મોક્ષ વિષે બહુ સુંદર વાત કહી. જેમ સગડીમાંથી અગ્નિના તણખાઓ છૂટા પડે, તેમ ભગવાનના દિવ્ય પ્રકાશિત ધામ-અક્ષરબ્રહ્મમાંથી ભગવાનના આનંદ અંશવાળા અગણિત જીવાત્માઓ છૂટા પડ્યા. અગ્નિમાંથી છૂટા પડેલા તણખામાંનો અગ્નિ તે જ ક્ષણે ઓલવાઈ જતાં કોલસાની કણી બની જાય છે. તેવી રીતે અક્ષરબ્રહ્મમાંથી છૂટા પડતાંની સાથે જીવાત્માઓમાંથી ભગવાનનો આનંદ અંશ લુપ્ત થઈ ગયો. પરિણામે તે જીવાત્મા કેવળ સદંશ ચિદંશ બની રહ્યા. આ અગણિત જીવાત્માઓ જગતમાં આવ્યા. આનંદ અંશ લુપ્ત થતાં તેમનામાં પાંચ પ્રકારની અવિદ્યા

આવી. (૧) દેહાધ્યાસ (૨) ઇંદ્રિયાધ્યાસ (૩) પ્રાણાધ્યાસ (૪) અંતઃકરણાધ્યાસ (૫) સ્વરૂપવિસ્મૃતિ. આ પાંચ અવિદ્યાઓએ આ જીવાત્માને દીન, હીન, મૂઢ, પતિત, પાપી, અનેક દોષોથી ભરેલો બનાવ્યો. પરિણામે તે જીવાત્માઓ ભગવાનથી સદંતર વિખૂટા પડી ગયા. તેમનામાંથી ભગવદ્ તત્ત્વ લુપ્ત થઈ ગયું. તેઓ કોલસાની કણી જેવા બની ગયા.

આના પરિણામે સંસારની અહંતા-મમતામાં રચ્યાપચ્યા બનેલા આ જીવાત્માઓને મૃત્યુ બાદ દુઃખનો જ અનુભવ વિશેષ પ્રમાણમાં રહ્યો. આ જીવાત્મા મૃત્યુ બાદ તેમના મૂળ ધામ-અક્ષરબ્રહ્મમાં વિલીન થઈ જાય તો તેઓ તેમના મૂળ ભગવદ્તત્ત્વને પ્રાપ્ત કરે. પરિણામે તેમને જન્મમરણની ઘટમાળ ભોગવવી પડે નહિ. આમ, અક્ષરબ્રહ્મમાં ફરી વિલીન થઈ જવું એને જ મુક્તિ અથવા મોક્ષ કહેવામાં આવે છે. સગડીમાંથી નીકળેલો તણખો કોલસાની કણી બની ગયો હોય. તે કણીને ફરી સગડીમાં નાખતાં તે સગડીના અગ્નિમાં વિલીન થઈ જાય, એટલે તેનું સ્વતંત્ર અસ્તિત્વ રહે નહિ. તેમ અક્ષરબ્રહ્મમાં વિલીન થયેલા જીવાત્માનું અલગ અસ્તિત્વ રહેતું નથી. તે અક્ષરબ્રહ્મમય બની જાય છે. તેનું નામ મોક્ષ.

સુખ માણવા માટે અલગ અસ્તિત્વ જરૂરી છે. આપણું અસ્તિત્વ જ ન હોય, તો આપણો દેહ ન હોય, ઇંદ્રિયો ન હોય. દેહ અને ઇંદ્રિયો વિના સુખ માણી શકાય નહિ. તેમ, અક્ષરબ્રહ્મમાં વિલીન થયેલા જીવાત્માને તેનો લિંગ દેહ કે સ્થૂળ દેહ હોતો નથી. પરિણામે લિંગ દેહની સૂક્ષ્મ ઇંદ્રિયો કે સ્થૂળ દેહની સ્થૂળ ઇંદ્રિયો પણ હોતી નથી. આ સ્થિતિમાં મોક્ષ પામેલો જીવાત્મા પારલૌકિક સુખ ભોગવી શકતો નથી.

મોક્ષ પરલોકપ્રાપ્તિનો લાંબાગાળાનો દુઃખનિવૃત્તિનો ઉપાય જરૂર છે. પરંતુ આ દુઃખનિવૃત્તિ સનાતન નથી. શાસ્ત્રો કહે છે કે સત્યયુગ, દ્વાપરયુગ, ત્રેતાયુગ અને કલિયુગના ચાર યુગ પૂરા થતાં સૃષ્ટિનો પ્રલય થાય છે. પછી નવેસરથી નવી સૃષ્ટિ બને છે. ત્યારે અક્ષરબ્રહ્મમાં વિલિન થયેલા જીવાત્માઓ ફરી તેમાંથી બહાર આવે છે અને નવી સૃષ્ટિમાં જુદી જુદી યોનિઓમાં દેહ ધારણ કરે છે. આથી તેમને પાછા જન્મમરણના ફેરા શરૂ થઈ જાય છે. આમ, મોક્ષ પણ ચાર યુગ પૂરા થાય ત્યાં સુધીનો જ છે, સનાતન નથી. આવો મોક્ષ પુરુષાર્થ કેવળ ધર્મ પુરુષાર્થથી જ પ્રાપ્ત થાય છે, અર્થ કે કામ પુરુષાર્થથી મોક્ષ પુરુષાર્થની પ્રાપ્તિ અસંભવ છે.

મોક્ષ માટેની પાયાની શરત :

આપણે જોઈ ગયા કે અક્ષરબ્રહ્મમાંથી જીવાત્મા છૂટો પડતાં તેને પૃથ્વી પરની કોઈક યોનિનું શરીર મળે છે. તે પૃથ્વી પર આવે છે, ત્યારે તેને અવિદ્યા વળગે છે. પોતાનું મૂળ સ્વરૂપ અને ભગવદ્સ્વરૂપ જાણવું તે વિદ્યા. તે બંનેને ભૂલી જવાં તે અવિદ્યા.

અવિદ્યાના પરિણામે તે તેનાં શરીર, ઇંદ્રિયો, પ્રાણ, મન અને બુદ્ધિમાં રચ્યોપચ્યો રહે છે. તેની બુદ્ધિમાં બે ખોટી સમજ ઘર કરી જાય છે. આ શરીર તે હું છું, તેની શક્તિ, બુદ્ધિ, શોભા મારાં છે. હું તેનો સ્વામી છું, હું જ બધું કરું છું. આમ, આ ખોટી સમજ માણસને શરીર, ઇંદ્રિયો, પ્રાણ અને મન-બુદ્ધિનું અભિમાન આપે છે. શાસ્ત્ર તેને 'અહંતા' કહે છે. તેની આ સમજ ખોટી છે, કારણ કે ખરેખર તો સર્વના કર્તા કારયિતા શ્રીહરિ છે. તેથી નરસિંહ મહેતાએ કહ્યું કે 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જયમ શ્વાન તાણે.'

માણસને ઘર, કુટુંબ, ધન, સંપત્તિ, સત્તા ઓછાવત્તા પ્રમાણમાં મળે છે. વાસ્તવમાં આ બધું ઈશ્વરદત્ત છે. માણસ તેને પોતાનાં માને છે. એમ સમજે છે કે મારી શક્તિ અને બુદ્ધિથી મેં આ બધું મેળવ્યું છે. પોતાનું સમજીને માણસ તેના માટે જ જીવે છે અને મરે છે. આ વૃત્તિને શાસ્ત્ર 'મમતા' કહે છે. આ મમતા પણ ખોટી છે, કારણ કે માણસ કશું પોતાની સાથે લઈને જન્મતો નથી કે મરતો નથી. વાસ્તવમાં કશું તેનું નથી, બધું પ્રભુનું છે. ઉપનિષદે કહ્યું : 'ઈશાવાસ્યમિદં સર્વં'. આ અહંતા અને મમતાને શાસ્ત્રોની પરિભાષામાં 'અવિદ્યા' કહેવામાં આવ્યા છે. વેદાંત તેને 'સંસાર'ના નામથી ઓળખાવે છે. તેઓ મિથ્યા છે, એમ આપણે અલ્પ સમજશક્તિથી પણ નક્કી કરી શકીએ છીએ. શ્રીમહાપ્રભુજીએ સંસારને મિથ્યા કહ્યો. અવિદ્યાને માયાનું કારણ કહ્યું. માયા એક પડદા જેવી છે. પડદો તેની પાછળ રહેલ વસ્તુને જોવા દેતો નથી. તેમ માયા ભગવાનને ઢાંકે છે. માયાના પડદાને કારણે ભગવાનનો અનુભવ

થતો નથી. આથી સર્વ શાસ્ત્રોએ માયાને દૂર કરવાના ઉપાયો વિચાર્યા છે. શ્રીમહાપ્રભુજી પણ સમજાવે છે કે માયાનો સંસાર મિથ્યા હોવાથી તેનો નાશ થાય તેમ કરવું જોઈએ. તો જ જીવાત્માનો મોક્ષ થાય, અન્યથા કદાપિ મોક્ષ ન થાય. આથી મોક્ષપ્રાપ્તિ માટેની પાયાની શરત છે અહંતા-મમતારૂપી સંસારનો નાશ. ભોગવૃત્તિથી અહંતા-મમતા વધે છે. ધર્મવૃત્તિથી અહંતા-મમતાનો નાશ થાય છે. આથી શાસ્ત્રોએ અહંતા-મમતાનો નાશ કરવા માટે ત્રણ માર્ગ બતાવ્યા. (૧) કર્મમાર્ગ (૨) જ્ઞાનમાર્ગ (૩) ભક્તિમાર્ગ.

અહંતા-મમતાની નિવૃત્તિનો માર્ગ :

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે મિથ્યા એવી અહંતા-મમતાને નિવૃત્ત કરવાના માર્ગ વેદમાં બતાવ્યા છે. વેદ ભગવાનની વાણી છે. તેથી આપણા સનાતન વૈદિક ધર્મમાં વેદને મુખ્ય અને પાયાનું પ્રમાણ ગણવામાં આવેલ છે. જે લોકો વેદનો સ્વીકાર કરે છે, તેમને શાસ્ત્રોએ 'આસ્તિક' કહ્યા છે. જે લોકો વેદનો અસ્વીકાર કરે છે, તેમને શાસ્ત્રોએ 'નાસ્તિક' કહ્યા છે. વેદમાં કર્મ અને જ્ઞાન બંને માર્ગો બતાવવામાં આવ્યા છે. વેદના પૂર્વકાંડમાં કર્મવિચાર મુખ્ય છે. ઉત્તરકાંડમાં જ્ઞાનવિચાર મુખ્ય છે.

વેદની ભગવદ્‌વાણી ગૂઢ અને રહસ્યપૂર્ણ છે. તે બધાને એકસરખી રીતે સમજાતી નથી. તેને સમજાવવા માટે જુદા જુદા ઋષિમુનિઓએ પોતપોતાની બુદ્ધિ શક્તિ પ્રમાણે પ્રયત્ન કર્યા છે. એટલે કે ઋષિમુનિઓનાં અર્થઘટન જુદાં જુદાં છે. પૂર્વકાંડમાં રજૂ થયેલ કર્મવિચારના અર્થઘટનમાંથી ઋષિઓએ સ્મૃતિશાસ્ત્રો અને ધર્મશાસ્ત્રોની રચના કરી. તે સાથે અર્થશાસ્ત્રો અને કામશાસ્ત્રો પણ રચાયાં. ઉત્તરકાંડમાં રજૂ થયેલા જ્ઞાનવિચારનાં અર્થઘટનોમાંથી ઋષિઓએ વિચારેલાં છ દર્શનો - વિચારધારાઓ અને તે રજૂ કરતા ગ્રંથો અસ્તિત્વમાં આવ્યા. ભારતીય સંસ્કૃતિમાં આ છ વિચારધારાઓ પ્રસિદ્ધ છે. (૧) સાંખ્ય (૨) યોગ (૩) ન્યાય (૪) વૈશેષિક (૫) મીમાંસા (૬) વેદાંત.

આમ, આપણા સનાતન વૈદિક ધર્મમાં બે પ્રકારનાં શાસ્ત્રો પ્રાપ્ત થાય છે. (૧) ઈશ્વરવિચારિત વેદશાસ્ત્ર. વેદશાસ્ત્રમાં ચાર વેદ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યક ગ્રંથો અને ઉપનિષદ ગ્રંથોનો પણ સમાવેશ થાય છે. એ જ પ્રમાણે શ્રીમદ્ ભાગવત અને ગીતા પણ ઈશ્વરવિચારિત શાસ્ત્ર છે. (૨) જીવવિચારિત શાસ્ત્રોમાં સ્મૃતિ શાસ્ત્રો, ધર્મશાસ્ત્રો, અર્થ અને કામશાસ્ત્રો, પુરાણો, મહાકાવ્યો વગેરેનો સમાવેશ થાય છે. આ બંને પ્રકારનાં શાસ્ત્રોએ મોક્ષનો વિચાર વિસ્તારથી અને ઊંડાણથી કર્યો છે. સૌની વિચારધારામાં અંતર હોવા છતાં સૌએ એક મતે એક વાત સ્વીકારી છે કે મોક્ષ મેળવવા અહંતા-મમતાનો નાથ થવો જરૂરી છે. તે માટે મનુષ્યે ધર્મચીંધ્યા માર્ગે પુરુષાર્થ કરવો જરૂરી છે.

પુરુષાર્થ કરવા મનુષ્ય પાસે મુખ્ય ત્રણ અંગોની શક્તિ છે. (૧) મસ્તક-જ્ઞાનશક્તિ (૨) હાથ-કર્મશક્તિ (૩) હૃદય-ભાવશક્તિ. મનુષ્યને જે શક્તિ વિશેષ રૂપમાં મળી હોય અથવા વિકસી હોય તેને અનુરૂપ કાર્યોમાં તેને વિશેષ રૂચિ થાય છે. તેના ઉપયોગથી તે અહંતા-મમતાનો નાશ કરવા તત્પર થઈ શકે છે. આમ, જ્ઞાનશક્તિવાળા માટે જ્ઞાનમાર્ગ, કર્મશક્તિવાળા માટે કર્મમાર્ગ અને ભાવ-ભક્તિવાળા માટે ભક્તિમાર્ગ છે. ત્રણેનો હેતુ અહંતા-મમતાની નિવૃત્તિનો છે. પરંતુ તે માટે ત્રણેયનાં સાધનો અને સાધના અલગ-અલગ છે. આથી આપણે આ ત્રણેય માર્ગનો પરિચય કરવો જોઈએ.

કર્મમાર્ગ :

વેદમાં યજ્ઞને મુખ્ય કર્મ કહ્યું છે. વેદમાં મુખ્ય બે પ્રકારનાં કર્મ બતાવ્યાં છે. (૧) નિત્યકર્મ અને (૨) કામ્યકર્મ. વર્ણ અને આશ્રમના અધિકાર પ્રમાણે ધર્મસાધના માટેનાં જે જે કર્મ નિત્ય કરવામાં આવે તેને નિત્યકર્મ કહેવામાં આવે છે. મનુષ્ય જે વર્ણ અને આશ્રમનો હોય, તે મુજબ તેણે તેના જીવાતા જીવનની ફરજના ભાગ રૂપે આ કર્મો નિષ્કામ બુદ્ધિથી, નિત્ય કરવાનાં હોય છે. તેથી તેમને નિત્યકર્મ કહેવામાં આવે છે.

મનુષ્યમાં અહંતા-મમતાને કારણે સ્વાર્થ રહેલો છે. સ્વાર્થી પ્રકૃતિથી માણસ ઘણીવાર પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે કેટલાંક વિશેષ કર્મો કરતો હોય છે. તે કામ્યકર્મ અથવા સકામ કર્મ કહેવાય છે. શાસ્ત્રોએ આ કર્મોનો સ્વીકાર કર્યો છે, પરંતુ તેમને ગૌણ કર્મ કહ્યાં છે. મુખ્ય કર્મ તો નિત્યકર્મ છે.

વેદ સમજાવે છે કે કર્મ કરવા માટે દેશ, કાલ, સાધન, સાધક, મંત્રો અને તે કર્મનું ફળ એમ છ બાબતો અગત્યની છે. વેદે યજ્ઞને મુખ્ય કર્મ કહ્યું છે. તે

સંબંધમાં વેદ સમજાવે છે કે યજ્ઞ ભગવાન વિષ્ણુનું સ્વરૂપ છે. યજ્ઞ કરવા માટેનાં જે-કોઈ સાધનો છે, તે બધામાં પણ ભગવાન વિષ્ણુ જ રહેલા છે. એટલે યજ્ઞના સાધનરૂપ પણ વિષ્ણુ છે. યજ્ઞ કરવા જે મંત્રો બોલાય છે તેમાં વિવિધ દેવોના મંત્રો હોય છે. આ દેવ સ્વરૂપો પરબ્રહ્મ ભગવાન વિષ્ણુના જ અંશ, કલા વગેરે અવતાર સ્વરૂપો છે. તેથી તેમનામાં અંશ રૂપે ભગવાન વિષ્ણુ રહેલા છે. આથી તે મંત્રો પણ ભગવાન વિષ્ણુ પરત્વેના છે. યજ્ઞ દ્વારા સાધક ભગવાન વિષ્ણુને પ્રાપ્ત કરવા પોતાની અહંતા-મમતાને નિવૃત્ત કરે છે. યજ્ઞના મંત્રો દ્વારા સાધક કહે છે કે આ બધું મારું નથી. હે પ્રભુ! તમારું છે. આ બધું હું નથી કરતો, તમે કરો છો. આમ સાધક યજ્ઞથી અહંતા-મમતા નિવૃત્ત કરે છે. યજ્ઞનું ફળ ભગવાન વિષ્ણુની પ્રાપ્તિ અથવા તેમના ધામ-અક્ષરબ્રહ્મમાં મુક્તિ છે.

આ રીતે આપણે જોઈ ગયા કે યજ્ઞ વગેરે બધાં નિત્ય કર્મો મોક્ષના હેતુ માટે કરવાનો માર્ગ વેદમાં બતાવ્યો છે.

પ્રાચીન કાળમાં એટલે સત્યયુગમાં ધર્મના ચાર પાયા હતા. (૧) સત્ય (૨) દયા (૩) તપ અને (૪) પવિત્રતા. ત્રેતાયુગમાં ધર્મે એક પાયો ગુમાવ્યો. દ્વાપરયુગમાં ધર્મે બીજો પણ એક પાયો ગુમાવ્યો. કલિયુગમાં ધર્મનો માત્ર એક પાયો બચ્યો છે. તે છે દાનરૂપી તપનો. આ સંજોગોમાં યજ્ઞ વગેરે નિત્યકર્મો પણ નિષ્કામ અને વિશુદ્ધ રીતે થઈ શકતાં નથી. શાસ્ત્ર બતાવે છે કે કર્મનું ફળ પ્રાપ્ત કરવા કર્મ માટેનાં છ તત્ત્વો શુદ્ધ અને પવિત્ર હોવાં જોઈએ. (૧) દેશ (૨) કાલ (૩) કર્મ (૪) કર્તા (૫) મંત્ર (૬) દ્રવ્ય. તેમાંથી એકપણ અશુદ્ધ હોય તો કર્મનું ફળ મળે નહિ. કલિયુગમાં આ છએ તત્ત્વો દુષિત છે. તેમાં અનેક અશુદ્ધિઓ છે, એટલે હાલ જે નિત્યકર્મો કરવામાં આવે છે તેનું ફળ મળતું નથી.

કર્મમાર્ગ કઠિન છે. તેમાં ઘણાં કષ્ટો વેઠવાં પડે છે. દેહદમન કરવું પડે છે. તામસ અને રાજસ ભાવોને નિર્મૂળ કરી, સાત્ત્વિક બનવું પડે છે. આથી કર્મમાર્ગને કષ્ટસાધ્ય કહ્યો છે. આજના સમયમાં અને વાતાવરણમાં પૂર્ણ અને શુદ્ધ રીતે કર્મમાર્ગનું આચરણ દરેક મુમુક્ષુ માટે અસંભવ છે. આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે કર્મમાર્ગથી અહંતા-મમતાની નિવૃત્તિ કરી, મોક્ષ પ્રાપ્ત કરવો આજના સમયમાં શક્ય નથી.

જ્ઞાનમાર્ગ :

વેદમાં ઉત્તરકાંડમાં જ્ઞાનમાર્ગ રજૂ થયો છે. પરમાત્મ તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવું અને તે દ્વારા મોક્ષ સાધવો એ જ્ઞાનમાર્ગનો હેતુ છે. વેદ કહે છે કે પરમાત્મા વિષયક જ્ઞાન એ જ સાચું જ્ઞાન છે. તે સિવાયનું બીજું બધું અજ્ઞાન અથવા અન્યથા જ્ઞાન છે. પરમાત્માને જાણવાની વિદ્યાને વેદ 'પરાવિદ્યા' અથવા 'અમૃતવિદ્યા' કહે છે.

વેદાંતમાં પરમાત્મા-બ્રહ્મનું સ્વરૂપ, અક્ષરબ્રહ્મનું સ્વરૂપ, અંતર્યામીનું સ્વરૂપ, જગત અને જીવનું સ્વરૂપ, સંસારનું સ્વરૂપ વગેરે વિષયો અંગે ઊંડું ચિંતન છે. આ બધું જાણવું એનું નામ તત્ત્વજ્ઞાન. તે જાણવાનો માર્ગ એટલે જ્ઞાનમાર્ગ.

ગીતાજીમાં જ્ઞાનીઓનાં લક્ષણો બતાવવામાં આવ્યાં છે. ગીતાજી કહે છે કે જ્યારે સત્ત્વગુણ વધે ત્યારે જ્ઞાનપ્રાપ્તિમાં રુચિ જાગે, મનુષ્ય જ્ઞાની બને અને જ્ઞાનમાર્ગ પર ચાલે. આવા જ્ઞાનીને 'બ્રહ્મવાદી' કહેવામાં આવે છે. બ્રહ્મને જાણવો અને જાગેલા બ્રહ્મને જીવનમાં ડગલે ને પગલે સ્વીકારવો, એ જ્ઞાનમાર્ગીનું તપ છે. જ્ઞાનમાર્ગ માટે તન-મનની શુદ્ધિ અને પવિત્રતા આવશ્યક છે. તમોગુણ અને રજોગુણ દૂર કરવા યમ, નિયમ, શમ, દમ વગેરે સાધનો કરવાં આવશ્યક ગણ્યાં છે. જ્ઞાનમાર્ગ પર ચાલવું એ કઠિન તપશ્ચર્યા છે, જે બધાંને સુલભ નથી.

જ્ઞાનમાર્ગથી વધુમાં વધુ ફળ મોક્ષની પ્રાપ્તિ છે. તેથી વધુ બીજું કોઈ ફળ મળતું નથી. આપણે આગળ જોઈ ગયા તેમ મોક્ષની પ્રાપ્તિ એટલે નિવૃત્તિ.

આથી શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે કલિયુગમાં જ્ઞાનમાર્ગ પર ચાલવું જરાય સરળ નથી. જ્ઞાનમાર્ગ પર ચાલવાનો શ્રમ કર્યા પછી પણ મળનારું ફળ સુખદ તો નથી જ. આથી પુરુષોત્તમ જોષીના પ્રશ્નના જવાબમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું હતું કે ઈશ્વરને પામવાના માર્ગો અનેક છે. બધા માર્ગો વેદમાં બતાવ્યા છે, એટલે સારા જ છે, પરંતુ મને પૂછો તો ભક્તિમાર્ગ વધારે સારો છે. તે સરળ અને સુલભ છે. કર્મ અને જ્ઞાનથી જે ફળ મળી શકે તે ફળ ઓછા શ્રમે ભક્તિથી પણ મળી શકે છે.

ભક્તિમાર્ગ :

ગીતાજીમાં ભગવાને શ્રીકૃષ્ણને કહ્યું કે જ્ઞાની કરોડો વર્ષો સુધી જ્ઞાનની સાધના કરતો રહે, ત્યારે તેના ફળ રૂપે તેને ભક્તિ પ્રાપ્ત થાય છે. શ્રીમહાપ્રભુજી બતાવે છે કે ભક્તિ મનુષ્યના પ્રયત્નોથી પ્રાપ્ત થઈ શકતી નથી. પરમાત્માએ જે મનુષ્યના હૃદયમાં ભક્તિનું બીજ મૂક્યું હોય, તે જ મનુષ્ય પ્રયત્નોથી ભક્તિના બીજને ઉછેરી, અંકુરિત, પલ્લવિત, પુષ્પિત અને ફલિત કરી શકે છે. ભક્તિ માટેની આમ પહેલી શરત એ છે કે તેના હૃદયમાં ભક્તિનું બીજ જન્મજાત હોવું જોઈએ.

ભક્તિના પણ બે મુખ્ય પ્રકારો શાસ્ત્રે બતાવ્યા છે. (૧) પરા (મુખ્ય) ભક્તિ (૨) અપરા (ગૌણી) ભક્તિ. પુષ્ટિભક્તિ પરાભક્તિ છે, કારણ કે તે પ્રેમલક્ષણા અને નિષ્કામ ભક્તિ છે. મર્યાદાભક્તિ ગૌણીભક્તિ છે, કારણ કે તેમાં પ્રેમ કરતાં વિધિનો આગ્રહ વિશેષ હોય છે. વળી, તેમાં સકામભાવ પણ વિશેષ રહે છે. પુષ્ટિભક્તિ પરાત્પર પરબ્રહ્મ શ્રીકૃષ્ણચંદ્રની જ થઈ શકે. મર્યાદાભક્તિ તેમના કોઈપણ અવતાર, વ્યૂહ કે દેવદેવીની પણ થઈ શકે. બંને ભક્તિની આરાધના અને સાધનમાં પણ ઘણો તફાવત છે. તેવી રીતે તેનાથી મળતાં ફળમાં પણ તફાવત છે.

મર્યાદાભક્તિથી વધુમાં વધુ મોક્ષ મળી શકે છે. પુષ્ટિભક્તિથી મોક્ષથી પણ એક ડગલું આગળ ગોલોકધામમાં અલૌકિક નવીન સ્વરૂપ દ્વારા શ્રીઠાકોરજીની નિત્યલીલામાં વાસ મળી શકે છે, જેના પરિણામે ચૌદ લોકમાં ન મળે, તેવું ચિરંતન સુખ-પરમાનંદની પ્રાપ્તિ થાય છે. આ સુખની બરોબરી કરી શકે એવું અન્ય કોઈ સુખ નથી. તે જ પુષ્ટિભક્તનો મોક્ષ છે.

શ્રીમહાપ્રભુજી આમ ત્રણેય માર્ગ દ્વારા મળતા મોક્ષને સમજાવે છે. શ્રીમહાપ્રભુજીએ શાસ્ત્રોએ બતાવેલ મોક્ષપ્રાપ્તિના માર્ગ 'બાલબોધ' ગ્રંથમાં બતાવ્યા છે. તેઓ એમ સૂચવે છે કે પુષ્ટિભક્તિના માર્ગે ચાલવા તત્પર વૈષ્ણવોએ પહેલાં શાસ્ત્રોએ બતાવેલ મોક્ષના માર્ગોને સમજી લેવા જોઈએ. કોઈપણ હલકી કક્ષાના પદાર્થને જાણી લઈએ, તો તે મેળવવા મન કદી લલચાય નહિ. પુષ્ટિભક્તિથી મળતા મોક્ષને જાણતાં પહેલાં શ્રીમહાપ્રભુજી મર્યાદામાર્ગનાં સાધનોથી મળતા મોક્ષ વિષે સમજૂતિ આપે છે.

ઋષિ વિચારિત શાસ્ત્રોએ બતાવેલ મોક્ષપ્રાપ્તિના પ્રકારો :

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે સ્મૃતિશાસ્ત્રો અને ધર્મશાસ્ત્રોમાં મોક્ષ પ્રાપ્તિના જુદા જુદા પ્રકારો બતાવ્યા છે.

'બાલબોધ'ના ટીકાકાર શ્રીપુરુષોત્તમજી પુરુષાર્થો અંગે દસ જેટલા મતો રજૂ કરે છે. તે પણ જાણવા જેવા છે. (૧) ભોગપ્રધાન વિચારસરણી ધરાવતા વિદ્વાનોના મતે એક જ પુરુષાર્થ છે. તે અર્થ પુરુષાર્થ છે. ખૂબ પૈસા કમાવા અને કમાયેલા પૈસાનો બે રીતે ઉપયોગ કરવો. (૧) દાન આપવું (૨) ભોગ ભોગવવા. તેઓ શરીરને જ આત્મા માને છે. જે નજરે દેખાય તેને જ પ્રમાણ કહે છે. (૨) ભૌતિકવાદીઓ આ જ વિચારસરણીમાં આગળ વધે છે. તેમના મતે અર્થ પુરુષાર્થ જ ઉત્તમ છે. તેમાં પૈસો કમાઈ ભેગો કરવો. તેનાથી પોતાનો સ્વાર્થ સાધવો અને ઐશ્વર્ય વધારવું. તેમના મતે ધર્મ તરફ ધ્યાન આપવાની જરૂર નથી. આ વિચારસરણીના લોકોની નજર માત્ર સત્તા અને સંપત્તિ ઉપર જ હોય છે. તેઓ છ બાબતો સ્વીકારે છે. (૧) સંધિ-શત્રુઓ સાથે સમજૂતિ કરવી. (૨) વિગ્રહ-જરૂર પડે શત્રુઓ સાથે લડવું. (૩) યાગ-શત્રુ ઉપર પહેલો હુમલો કરવો. (૪) આસન-શત્રુ વધારે તાકાતવાળો લાગે તો બેસી જવું. (૫) દ્વૈધ-શત્રુ નિર્બળ હોય તો લડાઈ કરવી. પ્રબળ હોય તો સંધિ કરવી. (૬) આશ્રય-બળવાન શત્રુ ઘેરી લે ત્યારે તેનાથી વધારે બળવાનની મદદ લેવી. (૩) ત્રીજા પ્રકારના લોકો કીર્તિને જ પુરુષાર્થ માને છે. આજકાલ સમાજ સેવાનાં કાર્યો કરનારમાંથી મોટાભાગના લોકો આ વર્ગના હોય છે. તેઓ કહે છે કે જ્યાં સુધી દુનિયામાં કીર્તિ ગવાય, ત્યાં સુધી આપણે સ્વર્ગમાં રહી શકીએ. માટે આપણી બોલબાલા થાય તેવા પ્રયત્નો કરવા. (૪) કેટલાક લોકો શરીર સુખ એટલે કામને જ પુરુષાર્થ સમજે છે. તેમની બધી પ્રવૃત્તિ વિષયભોગો માટે હોય છે. તે માટે ધર્મનો આશ્રય લેવાની તેમને જરૂર જણાતી નથી. તેઓ અનીતિ આચરે છે. તેમની બધી પ્રવૃત્તિઓ કામસુખ માટે જ હોય છે.

આ ચારેય મતો નાસ્તિક મતો છે. જે ધર્મનો સ્વીકાર કરતા નથી.

બાકીના છ મત ધર્મપ્રધાન મત છે. (૫) ઋષિમુનિઓએ સ્મૃતિઓમાં બતાવેલા જુદા જુદા આચારોનું પાલન કરવું, એ જ સાચો પુરુષાર્થ છે. ધર્મ

બરાબર સિદ્ધ થાય તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થ સિદ્ધ થાય. આચારથી ધર્મ સિદ્ધ થાય છે. એટલે તેમના મતે સદાચાર ધર્મ છે, અનાચાર અધર્મ છે. (૬) તેનાથી આગળ વધીને કેટલાક લોકો ધર્મને જ પુરુષાર્થ માને છે. ધર્મ બે પ્રકારનોઃ (૧) સકામ (૨) નિષ્કામ. મોક્ષ ઈચ્છનારે સકામ અને નિષિદ્ધ કર્મો ન કરવાં. નિત્ય કર્મો કરવાં. પાપમાંથી બચવા ધર્માચરણ કરવું. (૭) કેટલાક લોકો તપને પુરુષાર્થ માને છે. તેમની દલીલ છે કે દેવતાઓ પણ તપ કરીને દેવત્વ પામ્યા છે. (૮) અને (૯) કેટલાક લોકો સાંખ્ય અને યોગશાસ્ત્રો ભણીને તે પ્રમાણે સાધના કરવાના માર્ગને પુરુષાર્થ સમજે છે. જે શ્રીમહાપ્રભુજી 'બાલબોધ' ગ્રંથમાં વિસ્તારથી સમજાવે છે. (૧૦) કેટલાક લોકો શિવ અથવા વિષ્ણુ પૈકી એકને પોતાના ઈષ્ટ તરીકે સ્વીકારી, તેમની સાધના દ્વારા તેમને પ્રસન્ન કરી, મોક્ષપ્રાપ્તિ કરે છે. આ માર્ગ પણ શ્રીમહાપ્રભુજીએ 'બાલબોધ'માં વિસ્તારથી સમજાવ્યો છે.

શ્રીમહાપ્રભુજીના મતે મોક્ષપ્રાપ્તિના મુખ્ય ચાર માર્ગ :

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે માણસ મોક્ષપ્રાપ્તિ મુખ્ય બે પ્રકારે કરી શકે છે. (૧) પોતાના - સ્વ પ્રયત્નોથી, જેને તેઓ 'સ્વતઃ મોક્ષ' કહે છે. (૨) બીજાઓની કૃપાથી, જેને તેઓ 'પરતઃ મોક્ષ' કહે છે.

પોતાના પ્રયત્નોથી મળતો સ્વતઃ મોક્ષ મેળવવાના બે માર્ગ શ્રીમહાપ્રભુજી બતાવે છે. (૧) સાંખ્ય દ્વારા મળતો મોક્ષ (૨) યોગ દ્વારા મળતો મોક્ષ. એવી જ રીતે બીજાની કૃપાથી મળતા મોક્ષના પણ બે પ્રકાર શ્રીમહાપ્રભુજી બતાવે છે. (૧) શિવજી દ્વારા મળતો મોક્ષ (૨) વિષ્ણુ દ્વારા મળતો મોક્ષ. આમ, મોક્ષપ્રાપ્તિના મુખ્ય ચાર માર્ગ થયા. આપણે દરેક માર્ગને વિગતથી સમજીએ.



સાંખ્યદર્શનનો મોક્ષ વિચાર :

વેદના છ દર્શન પૈકીનું સાંખ્યદર્શન એક છે. તેથી તે અતિ પ્રાચીન છે. તેના પ્રથમ પ્રવર્તક શ્રીકપિલદેવજી છે, જેઓ કર્દમઋષિના પુત્ર હતા અને ભગવાનનો અંશાવતાર હતા. તેમણે તેમનાં માતા દેવહૂતિજીને સિદ્ધપુરમાં બિંદુ સરોવર પરના તેમના આશ્રમમાં સાંખ્યદર્શનનું જ્ઞાન આપ્યું હતું. સાંખ્યદર્શનનો આ ગ્રંથ 'કપિલસૂત્ર' આજે પ્રાપ્ત નથી. શ્રીભાગવતજીમાં તેની રૂપરેખા છે.

સાંખ્યદર્શન વિષે આચાર્ય ઈશ્વરકૃષ્ણે 'સાંખ્યતત્ત્વ' નામનો ગ્રંથ લખ્યો છે. તેના પર વાચસ્પતિ મિશ્રે 'કૌમુદી' નામની ટીકા લખી છે. ગ્રંથ અને ટીકા મળીને 'સાંખ્ય તત્ત્વ કૌમુદિ' નામનો ગ્રંથ પ્રસિદ્ધ છે.

સાંખ્ય દર્શનમાં બે વિચારસરણીઓ છે. (૧) સેશ્વર સાંખ્ય (૨) નિરીશ્વર સાંખ્ય. સેશ્વર સાંખ્યમાં ઈશ્વરનો સ્વીકાર છે, નિરીશ્વર સાંખ્યમાં ઈશ્વરનો અસ્વીકાર છે.

સાંખ્યદર્શનમાં સૃષ્ટિનાં મૂળ તત્ત્વ પ્રકૃત્તિ અને તેમાંથી પ્રગટ થયેલાં અન્ય તત્ત્વોનો વિચાર કરવામાં આવ્યો છે. તેમાં મૂળ તત્ત્વોની સંખ્યા બતાવવામાં આવી હોવાથી તેને સાંખ્યદર્શન કહેવામાં આવે છે.

સાંખ્યદર્શનના મતે વિશ્વની ઉત્પત્તિનું કારણ પ્રકૃતિ છે. તે મૂળભૂત તત્ત્વ છે. તે સ્વયંભૂ છે. તેમાંથી સાત તત્ત્વો પ્રગટ થયાં. (૧) મહત્ તત્ત્વ (૨) અહંકાર (૩) થી (૭) પાંચ તન્માત્રા-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ. આ સાત તત્ત્વો સૃષ્ટિના સર્જનમાં હેતુરૂપ છે. તેમાંથી સોળ તત્ત્વો ઉત્પન્ન થયાં. તેમાં પાંચ મહાભૂત - પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ તથા પાંચ જ્ઞાનેન્દ્રિયો - આંખ, કાન, નાક, જીભ અને ચામડી અને પાંચ કર્મેન્દ્રિયો - હાથ, પગ, મુખ, ગુદા અને ઉપસ્થ (જનનેન્દ્રિય) તથા સોળમું મન છે.

આ તત્ત્વોના બનેલા દેહમાં એક પુરુષ (આત્મા) છે. તે નિત્ય છે, અવિકારી છે. આમ, ૧ (પ્રકૃતિ) + ૭ (મૂળભૂત તત્ત્વો) + ૧૬ (પદાર્થો) અને ૧ (આત્મા) મળીને કુલ ૨૫ તત્ત્વો થયાં. તેમાં પ્રકૃતિની મુખ્યતા છે. આત્માને નિષ્ક્રિય માન્યો છે, માટે તેને નિરીશ્વર સાંખ્ય કહે છે.

સાંખ્ય શાસ્ત્રમાં ચાર બાબતોનો વિચાર કરવામાં આવ્યો છે. (૧) હેય- જગતમાં ત્રણ પ્રકારનાં દુઃખો છે. (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક (૩) આધિદૈવિક. આ પૈકી આધ્યાત્મિક દુઃખ બે પ્રકારનું છે. (૧) શારીરિક (૨) માનસિક. રોગો શારીરિક દુઃખ છે. મનમાં રહેલા કામ, ક્રોધ વગેરે વિકારોથી ઉત્પન્ન થતું માનસિક દુઃખ છે. યક્ષ, રાક્ષસ, ભૂત, પ્રેત વગેરેથી થતાં દુઃખ આધિદૈવિક છે. અન્ય મનુષ્યો વગેરેથી થતું દુઃખ આધિભૌતિક છે. આ તમામ દુઃખોનો ત્યાગ કરવો તેનું નામ હોય.

(૨) હાન - અંતઃકરણમાં અહંતા-મમતા રહેલાં છે. 'હું કરું છું' તે અહંતા. 'મારું છે' તે મમતા. અહંતા અને મમતાને કારણે અહંકાર આવે છે. તેમાંથી અભિમાન અને મદ જાગે છે. મોક્ષપ્રાપ્તિમાં તન-મનનાં દુઃખો અને અભિમાન તથા મદ બાધક છે. તેથી તેમનો ત્યાગ કરવો, તે હાન.

(૩) હેયહેતુ - દુઃખ થવાનો હેતુ, દુઃખનાં કારણોનો વિચાર. પ્રકૃતિ અને પુરુષનો સંયોગ થવાથી માયાને કારણે અજ્ઞાન જન્મે છે. તેને 'પંચપર્વા' અવિદ્યા કહે છે, તેને લઈને દુઃખનો અનુભવ થાય છે. આ અજ્ઞાન દૂર કરવાથી દુઃખ દૂર થાય છે.

(૪) હાનોપાય - અહંતા, મમતારૂપી અજ્ઞાન દૂર કરવાથી દુઃખ દૂર થાય. અહંતા-મમતા દૂર કરવા માટે ત્યાગનો ઉપાય બતાવવામાં આવ્યો છે. ત્યાગથી અહંતા-મમતા જાય. પરિણામે અભિમાન અને મદ દૂર થાય. માયા હટી જતાં જીવાત્માને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય. આખરે જીવાત્મા પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરે. તેનું નામ મોક્ષ. આમ, મોક્ષ માટે ત્યાગ જરૂરી છે. આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે શાસ્ત્રને સમજીને જે વ્યક્તિઓ સ્વ પ્રયત્નોથી અહંતામમતાનો ત્યાગ કરે તેને મોક્ષ મળે છે.

સાંખ્ય શાસ્ત્રના મતે પોતાના સ્વરૂપને સમજવું તે વિવેક છે. 'હું આ કરતો નથી, આ સર્વ મારું નથી.' એવું જ્ઞાન થાય તે વિવેક. આવો વિવેક જાગતાં અભિમાન છૂટે છે. પરિણામે તે આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરે છે. જે પ્રકૃતિ પ્રવૃત્તિશીલ હોય છે, તે ત્યાગથી નિવૃત્ત થાય છે. તેથી નિવૃત્ત થયેલી પ્રકૃત્તિ આત્માને ભોગ ભોગવવા પ્રેરી શકતી નથી.

સ્વતઃ મોક્ષની આ પ્રક્રિયામાં ત્યાગ એ જ સાધન છે. તે ત્યાગ કેવી રીતે થાય તે શ્રીમહાપ્રભુજી સમજાવે છે.

આપણા સ્થૂળ શરીરમાં બીજું સુક્ષ્મ લિંગ શરીર છે. તેમાં પણ અગિયાર ઇંદ્રિયો, પાંચ તન્માત્રા અને એક બુદ્ધિ મળી કુલ ૧૭ તત્ત્વો છે. આપણી બુદ્ધિમાં આઠ તત્ત્વો મુખ્ય છે. ધર્મ, અધર્મ, જ્ઞાન, અજ્ઞાન, વૈરાગ્ય, અવૈરાગ્ય, ઐશ્વર્ય, અનૈશ્વર્ય. બુદ્ધિ આઠ બાબતોનો વિચાર કરે છે. બુદ્ધિનો સંબંધ શરીરથી છે. તેને લઈને શરીરમાં વાસનાઓ રહે છે. આથી સ્થૂળ અને સૂક્ષ્મ શરીરને સંસારનો સંબંધ રહે છે. આ સ્થૂળ અને સૂક્ષ્મ શરીરમાં અહંતા-મમતાના ભાવ મુખ્ય છે. પંચપર્વા અવિદ્યા દૂર કરવા આ બે ભાવ છૂટવા જરૂરી છે. કર્તૃત્વ અને ભોક્તૃત્વની વાસનાઓને કારણે આત્મા પ્રકૃતિને પરવશ બને છે. પ્રકૃતિ નટી જેવી છે. તે નચાવે તેમ માણસ નાચે છે. અહંતા-મમતા પ્રકૃતિની પરવશતામાંથી અને આપણા અજ્ઞાનમાંથી પેદા થયેલા મિથ્યા ભાવો છે. આ બંને ભાવનો સંબંધ આત્મા સાથે નથી, દેહ સાથે છે. આ બંને ભાવ આપણી સર્વ વાસનાઓ અને દુઃખનું કારણ છે. તેને લઈને સૂક્ષ્મ દેહ સહિત પુનર્જન્મ લેવો પડે છે. એટલે મોક્ષ મળતો નથી.

આથી જ્ઞાની મનુષ્યે સાંખ્યશાસ્ત્રનો અભ્યાસ કરી, મેળવેલા જ્ઞાન દ્વારા સૌ પહેલાં અહંતા-મમતાનો નાશ કરવાનો છે. તેનો નાશ માત્ર વિચારથી થશે નહિ. જેના-જેનાથી અહંતા-મમતા જાગે તે સર્વ વસ્તુઓ, વ્યક્તિઓ અને વિચારોનો ત્યાગ કરવો પડે. ત્યાગ માટે સંન્યાસ છે. સંન્યાસ દ્વારા સંગત્યાગ કરી, વનમાં એકાંતવાસ કરી, મન સહિત સર્વ ઇંદ્રિયોનું દમન કરવું પડે. આમ કરવાથી અહંતા-મમતાનો નાશ થતાં બુદ્ધિ તત્ત્વ વિશુદ્ધ બને, તેમાં રહેલું અભિમાન દૂર થાય. માણસે પોતાના અભિમાનનો પણ ત્યાગ કરવો પડે. તે માટે કાર્ય અને ભોગમાં ઉદાસીન બનવું પડે. સ્વાદ, વિવાદ, હર્ષ, આતુરતા, દુઃખ, શોક - આ બધું છોડવું પડે. ઇંદ્રિયોની વાસનાઓને મારવી પડે. જ્યારે આવું થાય ત્યારે માણસને પોતાના આત્મસ્વરૂપનું સાચું જ્ઞાન થાય, તે સ્વરૂપસ્થ બને. પરિણામે તે કૃતાર્થ થાય, એટલે કે તેને મોક્ષ પુરુષાર્થ સિદ્ધ થાય.

આ આખી પ્રક્રિયા ખૂબ જ જટિલ અને અઘરી છે. સો ટકા સિદ્ધ થવી મુશ્કેલ છે. વળી, આટઆટલું કર્યા પછી મળેલો મોક્ષ મહાપ્રલય સુધીનો જ છે, કાયમનો તો નથી જ.

યોગમાર્ગ દ્વારા મોક્ષ :

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે, બાહ્ય પદાર્થોનો ત્યાગ કરીને, સાંખ્ય શાસ્ત્ર પ્રમાણે, અહંતા-મમતાનો નાશ કરી શકાય છે. પરંતુ જેઓ બાહ્ય પદાર્થોનો ત્યાગ ન કરી શકે તેમના માટે ઋષિઓએ એક બીજો રસ્તો બતાવ્યો છે. તે છે અત્યાગનો રસ્તો. તેમાં ઈન્દ્રિયોના દમન દ્વારા બાહ્ય પદાર્થોનો ત્યાગ કરવાનો નથી, પરંતુ મન દ્વારા ત્યાગ કરવાનો છે. તેમાં મને મનને બાહ્ય પદાર્થો સાથે જોડવાનું નથી. મનને મારી નાખવાનું છે. મન જ ન હોય તો બાહ્ય પદાર્થોની ઈચ્છા જ ન થાય. મનની વૃત્તિઓનો નિરોધ (નાશ) કરીને, મનને ઈશ્વર સાથે જોડવું તેનું નામ યોગ. યોગનો અર્થ જ છે જોડાણ. મન અને ઈશ્વરના જોડાણનો માર્ગ એટલે યોગમાર્ગ.

યોગમાર્ગનું નિરૂપણ શેશ્વર સાંખ્ય દર્શનમાં કરવામાં આવ્યું છે. તેના મુખ્ય પ્રવર્તક તરીકે આચાર્ય પતંજલિ પ્રસિદ્ધ છે. તેમનો ગ્રંથ 'પાતંજલ દર્શન' યોગમાર્ગની સાધના સમજાવે છે. તેમાં યોગની વ્યાખ્યા આપતાં કહેવામાં આવ્યું કે ચિત્તની વૃત્તિઓનો નિરોધ થવો એનું નામ યોગ. ત્યાં 'ચિત્ત' શબ્દનો અર્થ ચેતનમય આત્મા કરવામાં આવ્યો છે. આત્માનો નિરોધ એટલે આત્મામાંથી દેહાભિમાન દૂર થાય અને જ્ઞાનનો વિવેક જાગે. પરિણામે આત્મામાં અજ્ઞાનથી ઘૂસી ગયેલું કર્તૃત્વ એટલે કર્તાપણાનું અભિમાન નાશ પામે. આત્માને ભોકતૃત્વ એટલે ભોગ ભોગવવાની ઈચ્છા પણ નાશ પામે. કર્તૃત્વ અને ભોકતૃત્વનો નાશ થતાં અહંતા-મમતા છૂટે. પરિણામે આત્મા શુદ્ધ બુદ્ધિમાં સ્થિર થાય, તેનું નામ ચિત્તવૃત્તિનો નિરોધ.

ઋષિઓએ ચિત્તની પાંચ વૃત્તિઓ બતાવી છે. (૧, માણવૃત્તિ. જે વસ્તુઓ દેખાય છે અને વિચારાય છે, તેમને નજરોનજર જોઈન પ્રમાણ તરીકે સ્વીકારવી, તેનું નામ પ્રત્યક્ષ પ્રમાણ. જે નજરોનજર ન દેખાય તેની કલ્પના કે અનુમાન કરવું અને તેને પ્રમાણ તરીકે સ્વીકારવું તે અનુમાન પ્રમાણ. શાસ્ત્રોએ જે સિદ્ધાંત બતાવ્યા તે શબ્દ પ્રમાણ. આવાં વિવિધ પ્રમાણોથી બુદ્ધિમાં વિચાર

કરવાની વૃત્તિને પ્રમાણવૃત્તિ કહેવામાં આવે છે. (૨) વિપર્યયવૃત્તિ. વિપર્યય એટલે ભ્રમ. જે નથી તેને સ્વીકારવું. આવું ભ્રમાત્મક જ્ઞાન મિથ્યા છે. રાતના અંધારામાં નદી કિનારે અથવા દરિયા કિનારે સફેદ છીપલાં ચમકતાં હોય તેમને ચાંદી માની લેવાં. એ વિપર્યયવૃત્તિ છે. વિપર્યયનો બીજો અર્થ છે સંશય. અંધારામાં વૃક્ષનું ઠૂંઠું જોઈને શંકા પડે કે કોઈ માણસ ઊભો છે કે શું? આવા વિચારો મનમાં-બુદ્ધિમાં થતાં હોય છે. (૩) વિકલ્પ. એક પદાર્થને સમજવા, તેમાં બીજા પદાર્થનું આરોપણ કરવું, જેમ કે મુખને સમજવા, મુખને ચંદ્ર કહેવું. વાસ્તવમાં મુખ અને ચંદ્રને કોઈ સીધો સંબંધ નથી. (૪) નિદ્રા. નિદ્રાની વ્યાખ્યા છે કે અભાવનો આશ્રય. જ્યારે તમોગુણ વધે ત્યારે નિદ્રા વધે. (૫) સ્મૃતિ. જે પદાર્થોનો અગાઉ અનુભવ થયો હોય તેને બુદ્ધિમાં યાદ રાખવો.

મનની આ પાંચ વૃત્તિઓનો નિરોધ બે ઉપાયથી થઈ શકે. અભ્યાસ અને વૈરાગ્ય. અભ્યાસમાં ઉપરની વૃત્તિઓને સમજણ અને પ્રયત્નપૂર્વક મનમાંથી દૂર કરવાની છે. વૈરાગ્ય એટલે જે તે પદાર્થોના દોષ વિચારી, તેમને સમજણપૂર્વક ચિત્તથી દૂર રાખવાના છે. આ બંને યોગશાસ્ત્રની સાધનાના માર્ગ છે.

આ બધી વૃત્તિઓનું મૂળ કારણ ચિત્તમાં સત્ત્વગુણની અશુદ્ધિ છે. ચિત્ત શુદ્ધ થાય તો આ બધી અશુદ્ધિઓ નાશ પામે, જ્ઞાન પ્રાપ્ત થાય અને વિવેક જાગે. આથી ચિત્તની શુદ્ધિ માટે યોગ સાધનાનાં આઠ અંગોનું અનુષ્ઠાન બતાવવામાં આવ્યું છે. (૧) યમ. તે પાંચ પ્રકારનો છે. (૧) અહિંસા (૨) સત્ય (૩) અસ્તેય-ચોરી ન કરવી (૪) બ્રહ્મચર્ય (૫) અપરિગ્રહ - ભોગનાં સાધનોનો અસ્વીકાર.

(૨) નિયમ - તે પણ પાંચ પ્રકારનો છે. (૧) શૌચ-પવિત્રતા (૨) સંતોષ (૩) તપ (૪) સ્વાધ્યાય (૫) ઈશ્વરચિંતન.

(૩) આસન. આસનના વિવિધ પ્રકારો છે, જેમ કે પદ્માસન, દંડાસન, સ્વસ્તિકાસન વગેરે. દરેક આસનની એક નિશ્ચિત સ્થિતિ છે. તેનો અભ્યાસ કરીને, તે સિદ્ધ કરેલા આસનમાં બેસવાથી પ્રાણાયામ સિદ્ધ થાય છે. સાથે સાથે શરીર અને મન ઉપર કાબુ મેળવાય છે.

(૪) પ્રાણાયામઃ શરીરમાં લેવાતા અને બહાર કાઢાતા શ્વાસ અને ઉચ્છ્વાસને નિયંત્રિત કરનાર સ્થિતિને પ્રાણાયામ કહેવામાં આવે છે. આ પ્રક્રિયામાં શ્વાસ ધીમે-ધીમે બહાર કાઢી, પછી શ્વાસ ધીમે-ધીમે અંદર લઈ, પછી અંદર શ્વાસને રોકી સ્થિર કરવામાં આવે છે. તેનાથી ચિત્તને લાગેલું ક્લેશનું આવારણ દૂર થતાં ચિત્ત સ્થિર બને છે.

(૫) પ્રત્યાહાર. બધી ઇંદ્રિયોને તેમના ભૌતિક વિષયોમાંથી પાછી વાળવી, અને આત્મસ્વરૂપમાં સ્થિર કરવી. ઇંદ્રિયોને વશ રાખી, ચિત્તને બહારના વિષયોમાં ભટકતાં રોકવું.

(૬) ધારણા. ઉપર બતાવેલા પાંચ અંગો બાહ્ય - દેખાય તેવાં છે, બાકીનાં ત્રણ અંગ અંતરંગ છે. ચિત્તને બાહ્ય વિષયોથી અળગું કર્યા પછી શરીરની અંદર રહેલા નાભિચક્ર, હૃદયકમળ, મસ્તક વગેરે સ્થાનોમાં જે જે નાડીચક્રો છે, તેમને સ્થિર કરવાં.

(૭) ધ્યાન. જે સ્થાનમાં ધારણા કરી હોય, તે જ સ્થાનનું ધ્યાન સ્થિર કરવું.

(૮) સમાધિ. ધ્યાનમાં કોઈપણ પદાર્થનું ભાન ન રહે તેવી અવસ્થા થાય ત્યારે તેને સમાધિ કહે છે.

આ આઠ અંગોના અભ્યાસથી યોગ સિદ્ધ થતાં ચંચળ મનનો નિરોધ થાય, ત્યારે આત્મા પોતાના મૂળ સ્વરૂપને પામે છે. તેને મોક્ષ કહે છે. ભલભલા યોગીઓ પણ આ આંઠેય અંગોના અનુષ્ઠાનને સિદ્ધ કરીને મોક્ષ મેળવી શક્યા નથી. સાધના દરમ્યાન તેમનું પતન થયું છે. એટલે જ શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે સાંખ્ય અને યોગમાર્ગના સ્વ પ્રયત્નો દ્વારા મોક્ષ મેળવવો અતિ મુશ્કેલ છે.

જ્યારે માણસ સ્વપ્રયત્નોથી ઇચ્છિત વસ્તુ મેળવી શકતો નથી, ત્યારે તે મેળવવા વધારે સબળ માણસની મદદ લે છે. સ્વ પ્રયત્નથી જ્ઞાનસાધના કે યોગસાધના દ્વારા મોક્ષ ન મળે, ત્યારે મોક્ષ મેળવવા માટે મર્યાદાભક્તિનો થોડોક સરળ માર્ગ ઋષિમુનિઓએ બતાવ્યો છે. તેમાં બે મુખ્ય દેવ - વિષ્ણુ યા શિવની ભક્તિ કરી, તેમની કૃપા મેળવી, તેમના દ્વારા મોક્ષ મેળવવાનો છે. બીજા દ્વારા, બીજાના આશ્રયથી મળતા આ મોક્ષને શ્રીમહાપ્રભુજી 'પરતઃમોક્ષ' કહે છે.

પરતઃ મોક્ષ :

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે મુખ્ય ત્રણ દેવો - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છે. તે ત્રણેય દેવો મોક્ષ આપવાને સમર્થ છે. બ્રહ્માજીએ સ્વયં મોક્ષનું નિરૂપણ કરતું શાસ્ત્ર પણ રચ્યું છે. પરંતુ બ્રહ્માજીનું કાર્ય સૃષ્ટિનું સર્જન કરવાનું છે. મોક્ષમાં સૃષ્ટિનો પ્રલય છે, તેથી પોતાના કાર્યથી વિરુદ્ધ બને એવું બ્રહ્માજી ઇચ્છતા નથી. આથી બ્રહ્માજી મોક્ષ આપતા નથી. પરિણામે દેવ તરીકે બ્રહ્માજીની ભક્તિનો પ્રકાર પ્રચલિત નથી.

બાકી રહેલ બંને દેવો મોક્ષ આપે છે. આ દેવો દ્વારા કેવી રીતે મોક્ષ મળે છે, તે શ્રીમહાપ્રભુજી બતાવે છે.

શિવજી દ્વારા મળતો મોક્ષ :

શિવજીએ 'પાશુપત' નામનું શાસ્ત્ર રચ્યું છે. શિવજીને ભક્તિ અતિ પ્રિય છે. તેથી શિવજી માટે કહેવાયું કે વૈષ્ણવોમાં શિવજી મુખ્ય છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે દુનિયામાં પણ એવો વ્યવહાર છે કે જેને જે વસ્તુ અતિ પ્રિય હોય તે કોઈને આપે નહિ, જે વસ્તુ અપ્રિય હોય તે જ બીજાને આપે. શિવજીને ભક્તિ અતિ પ્રિય છે, જ્યારે ભોગ અપ્રિય છે. તેથી શિવજી તેમના ભક્તોને જલ્દી ભક્તિનું દાન કરતા નથી, પણ ભોગનું દાન જલ્દી કરે છે. આથી શિવજીની ભક્તિ કરનારાઓને ભોગ મળે છે. શિવજી જલ્દી મુક્તિ આપતા નથી. અતિ રીઝે તેને જ મુક્તિ આપે છે. એટલે શિવજી દ્વારા મુક્તિ મેળવવી અતિ કઠિન છે.

વિષ્ણુ દ્વારા મળતો મોક્ષ :

વિષ્ણુનાં પત્ની લક્ષ્મીજી છે. લક્ષ્મીજીથી ભોગ મળે. વિષ્ણુને લક્ષ્મીજી અતિ પ્રિય છે. તેથી વિષ્ણુ પોતાના ભક્તોને જલ્દી ભોગ આપતા નથી. વિષ્ણુ દ્વારા મુક્તિ જલ્દી મળે છે. આથી મર્યાદામાર્ગમાં પણ મોટાભાગે વિષ્ણુની ભક્તિ મોક્ષપ્રાપ્તિ માટે કરવામાં આવે છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે મર્યાદામાર્ગમાં શિવ કે વિષ્ણુને પોતાના ઇષ્ટ તરીકે સ્વીકારી, જેઓ તેમના તદાશ્રિત બનીને રહે છે, તેમનું કથાશ્રવણ, કીર્તન, સ્મરણ, પૂજન અર્ચન કરે છે. તેમની અહંતા-મમતા તે તે દેવ છોડાવી,

તેમના આત્માનો મોક્ષ કરે છે. સ્વતઃ મોક્ષ કરતાં પરતઃ મોક્ષ સાધવો સરળ છે, પરંતુ તે સ્વપ્રયત્નથી સિદ્ધ થતો નથી, શિવ કે વિષ્ણુની કૃપા પર આધારિત છે.

પુષ્ટિમાર્ગીય મોક્ષ :

શ્રીમહાપ્રભુજી 'બાલબોધ' ગ્રંથમાં ઉપરોક્ત મોક્ષનો પ્રકાર સમજાવી, ષોડશ ગ્રંથમાં આગળ ઉપર 'ચતુઃશ્લોકી'માં પુષ્ટિમાર્ગીય મોક્ષનું સ્વરૂપ સમજાવે છે. મર્યાદામાર્ગીય મોક્ષ કરતાં પુષ્ટિમાર્ગીય મોક્ષ તદ્દન જુદા પ્રકારનો છે. આપણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ તરીકે પુષ્ટિમાર્ગીય મોક્ષ પ્રાપ્ત થાય તેવી ઇચ્છા રાખવી જોઈએ. તેથી પુષ્ટિમાર્ગીય મોક્ષનું સ્વરૂપ કેવું છે, અને તે કેવી રીતે મળે, તે પણ જાણી લઈએ.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે પુષ્ટિમાર્ગીય ભક્તે પણ અહંતા-મમતાનો નાશ તો કરવો જ પડે. તે વિના તેને ભગવદ્પ્રાપ્તિ ન થાય. જીવના પ્રયત્નથી અહંતા-મમતાનો સંપૂર્ણ નાશ શક્ય નથી, તે આપણે ઉપર જોઈ ગયા. મનને મારી નાખવું અશક્ય છે. તેથી શ્રીમહાપ્રભુજીએ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ બતાવ્યો. જે મર્યાદાભક્તિ કરતાં જુદો છે. શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે ચૌદ લોકના બ્રહ્માંડમાં સર્વથી શ્રેષ્ઠ કોઈ તત્ત્વ હોય તો તે પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણ છે. તેઓ સૌથી વધુ સામર્થ્યવાળા છે અને પૂર્ણાનંદ છે, તેથી તેઓ તેમના શરણાગતનાં સર્વ દુઃખોને સહજ રીતે દૂર કરવાની કૃપા કરી શકે છે. સાથે સાથે સનાતન સુખનું દાન પણ કરી શકે છે. આથી પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવા, એ જ પુષ્ટિમાર્ગીય મોક્ષ છે.

આ માટે ભક્તે પોતાના મનને માધવમાં મેળવી દેવાનું છે, અર્થાત્ મન માધવને સોંપી દેવાનું છે. મન માધવને સોંપી દેવાનો ઉપાય સ્વયં ભગવાને શ્રીમહાપ્રભુજીને બતાવ્યો છે. તે છે બ્રહ્મસંબંધ. બ્રહ્મસંબંધ દ્વારા જીવ ભગવાન કૃષ્ણને પોતાનું બધું જ સમર્પિત કરી, તેમની 'દાસ' પદવી સ્વીકારે છે અને સમર્પિત જીવન જીવવાની પ્રતિજ્ઞા લે છે. પરિણામે બ્રહ્મસંબંધ થતાં તે વૈષ્ણવ મન-વચન-કર્મથી સ્વીકારે છે કે હું પ્રભુનો છું અને પ્રભુ મારા છે. આમ, 'હું અને મારું' એટલે અહંતા-મમતાને તે ભગવાન શ્રીકૃષ્ણ સાથે જોડી દે છે. પોતાની બધી જ શક્તિઓ ભગવાન કૃષ્ણની સેવામાં અને સેવા માટે વાપરે છે. પોતાનું સર્વ કંઈ ભગવાન શ્રીકૃષ્ણને અંગીકાર કરાવી, તેમના પ્રસાદરૂપે ઉપયોગમાં લે છે. આમ કરવાથી નથી તેનામાં અભિમાન રહેતું કે નથી મમતાનું વળગણ રહેતું. તેનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ દૂર થતાં, અહંતા-મમતા નાશ પામે છે.

આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે બ્રહ્મસંબંધ લેનાર પ્રત્યેક વૈષ્ણવે તન-મન-ધનથી શ્રીઠાકોરજીની સેવા કરતાં કરતાં તેમનામાં તન્મય થઈ જવાનું છે. જીવનના કેન્દ્રમાં શ્રીઠાકોરજીને રાખીને જીવવાનું છે. શ્રીઠાકોરજીના સુખ માટે સર્વ કંઈ કરવાનું છે. આથી તેને 'પ્રેમલક્ષણા' ભક્તિ કહે છે. તેમાં સ્વાર્થ નથી, સ્નેહ છે. તેમાં ત્યાગની વૃત્તિ નથી, સમર્પણની ભાવના છે. તે નિષ્કામ અને નિરપેક્ષ છે.

ભક્તનો ભગવાનમાં આવો નિષ્કામ અને નિરપેક્ષ પ્રેમ તેમના કથાશ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન વગેરે નવધા ભક્તિથી વિકસે છે. તેનાથી ભક્તમાં દીનતા અને દાસભાવ આવે છે. તેને ભગવાનને પ્રાપ્ત કરવાનો વિરહ જાગે છે. આવો વિરહી જીવ સહજ રીતે અહંતા-મમતા છોડી દે છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આવા જીવ ઉપર ભગવાન કૃષ્ણ કૃપા કરે છે. આ જિંદગીમાં જ તેના ભૌતિક શરીરમાં પોતાની અલૌકિકતા પ્રગટ કરે છે, બાહ્ય રીતે ભૌતિક દેખાતું તેનું શરીર આંતરિક રીતે અલૌકિક બની જાય છે, તેને 'તનુનવત્વ' કહેવામાં આવે છે.

તનુનવત્વથી તે ભક્તને ભગવાનના છએ દિવ્ય ગુણો પ્રાપ્ત થાય છે, એટલે તેનામાં ભગવાનનું સામર્થ્ય આવે છે. ઇંદ્રિયો અલૌકિક બનતાં તે આ જ જીવનમાં ભગવાન કૃષ્ણની સર્વ લીલાઓનાં દર્શનનો અનુભવ કરી શકે છે. તે તેની અલૌકિક સિદ્ધિ છે. આ સિદ્ધિ પ્રાપ્ત થતાં તેનાં સર્વ દુઃખો નાશ પામે છે અને તેને અલૌકિક પૂર્ણ સુખ મળે છે, જેને 'સ્વરૂપાનંદ' કહેવામાં આવે છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનો આ જીવતે જીવ મોક્ષ છે, જે અન્ય કોઈ માર્ગથી શક્ય નથી. પુષ્ટિમાર્ગની આ વિશિષ્ટતા અને વિલક્ષણતા છે.

શ્રીમહાપ્રભુજી આગળ વધીને સમજાવે છે કે આવો ભક્ત જ્યારે મૃત્યુ પામે છે, ત્યારે તેનો આત્મા ભગવાન કૃષ્ણની કૃપાથી અલૌકિક દેહ ધારણ કરી, ભગવાનની નિત્યલીલાના ધામ-ગોલોકમાં જાય છે. ત્યાં તેના અલૌકિક

દેહથી ભગવાન કૃષ્ણની સેવામાં લાગે છે. ત્યાં તેને સેવા, કીર્તન તો મળે જ છે, સાથે સાથે ભગવાનની લીલાઓમાં જોડાવાનું અને સ્વરૂપાનંદ માણવાનું સૌભાગ્ય પણ મળે છે. આને ‘નવતનુત્વ’ના નામથી ઓળખવામાં આવે છે. મૃત્યુ પછી પણ અલૌકિક સ્વરૂપથી ભગવાનના સ્વરૂપાનંદને માણવો એ પુષ્ટિમાર્ગીય મોક્ષનો પ્રકાર છે. એ પ્રકારનો મોક્ષ અન્ય કોઈ માર્ગથી સંભવિત નથી. શ્રીમહાપ્રભુજીએ આ નવતનુત્વરૂપી પુષ્ટિમાર્ગીય મોક્ષને ‘સેવાફલ’ ગ્રંથમાં અલૌકિક સામર્થ્યના નામથી ઓળખાવ્યો છે. તે સેવાનું પરમ ફળ છે.

ભગવાન જેમને આ પરમફળનું દાન આપવા ઈચ્છતા નથી, એવા સેવક ભક્તોને સાયુજ્ય મોક્ષ આપે છે. મર્યાદામાર્ગીય સાયુજ્ય મોક્ષમાં અક્ષરબ્રહ્મમાં આત્મા લય પામે છે, પુષ્ટિમાર્ગીય સાયુજ્ય મોક્ષમાં આત્મા ભગવાનનાં ચરણારવિંદ, હૃદય અને મસ્તકમાં લય પામે છે. પુષ્ટિમાર્ગીય સાયુજ્ય મોક્ષ મેળવનાર આત્મા ઉપર ભગવાન જ્યારે કૃપા વિચારે, ત્યારે પોતાના શ્રીઅંગમાંથી તેને બહાર પ્રકટ કરી, અલૌકિક દેહ આપી, પોતાનાં દર્શન અને લીલાઓનો અનુભવ કરાવી, સમય સમયે સ્વરૂપાનંદનું દાન કરે છે. આ ફળ મર્યાદામાર્ગીય મોક્ષમાં અસંભવ છે.

આથી શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે સર્વાત્મભાવપૂર્વક શ્રીઠાકોરજીનું સ્મરણ અને સેવા કદી પણ છોડવાં નહિ. તેનાથી જ શ્રીઠાકોરજી કૃપા કરી, પુષ્ટિમાર્ગીય મોક્ષનું દાન કરે છે. આથી પુષ્ટિમાર્ગીય મોક્ષ માટે પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ પછી સંપૂર્ણ સમર્પિત જીવન જીવતાં ભગવદ્સેવા અને સ્મરણમાં તત્પર રહેતાં સહજ રીતે અહંતામમતાના ત્યાગનો પ્રકાર વિસ્તારથી સમજાવવામાં આવ્યો છે.

શ્રીદયારામભાઈએ કહ્યું કે :

પાઓ પ્રેમરસ પ્રાણજીવન, દીન થઈ જાચું હું રે,
મુક્તિમાર્ગને આપજો મોક્ષ રે, હું તો નવ રાચું રે.
અમે તો રાજાના ખાસા ખવાસ રે, મન મુક્તિ ન આવે રે.’

શ્રીદયારામભાઈએ બીજા પદમાં વધારે સ્પષ્ટતા કરી કે ‘વ્રજ વ્હાલું રે, વૈકુંઠ નહિ આવું.’ એ પદમાં એ પણ કહ્યું કે, મર્યાદામાર્ગીય મુક્તિ વ્રજરજની એક કણિકાની સરખામણીમાં તદ્દન તુચ્છ છે. ■